(૨૦૧) : રમઝાનુલ મુબારક :

આ ઇસ્લામી વર્ષનો નવમો મહિનો છે. "રમઝાન" ના ઘણા અર્થ છે. એક મતલબ આ પણ છે કે રમઝાન ગુનાહોને સળગાવી દે છે એટલા માટે એનું નામ "રમઝાન" છે, અને આ માટે પણ એનું નામ રમઝાન છે કે એમાં નેકીઓ કરવાથી ઇન્સાન પાક થઇ જાય છે. (૧) રસુલુલ્લાહ સલ.એ ફરમાવ્યું જયારે રમઝાન મહિનાની પહેલી રાત હોય છે તો શયતાન અને સરકશ જીન્નાત કૈદ કરી દેવામાં આવે છે અને દોઝખના દરવાજા બંધ કરી દેવામાં આવે છે. (આખા મહીનામાં) આમાંથી કોઇ દરવાજો ખોલવામાં નથી આવતો અને જન્નતના દરવાજા ખોલી આપવામાં આવે છે. અને આમાંથી કોઇ દરવાજો બંધ કરવામાં નથી આવતો. અને પુકારવાવાળો પૂકારે છે, એ ખૈરના તલબ કરવાવાળા! આગળ વધ, અને એ બુરાઇના ઇરાદા કરવાવાળા! થોભી જા, તથા અલ્લાહતઆલાના ત્યાં ઘણા લોકો (રમઝાન મહિનાની બરકતના લીધે) દોઝખથી આઝાદ કરવામાં આવે છે. અને આ પૂકાર દરેક રાતના હોય છે. (તિરમિઝી- ઇબ્ને માજહ- અહમદ) (૨) રમઝાન એવો મહીનો છે કે એનો પહેલો ભાગ (પહેલો અશ્રો) રહમત છે અને એનો વચલો ભાગ મગફિરત છે, અને એનો છેલ્લો ભાગ આગથી છુટકારો છે. (બયહકી)

(૨૦૨) રમઝાનુલ મુબારક ની ફઝીલતઃ

(૩) અલ્લાહતઆલાએ ફરમાવ્યુંઃ એ મોઅમીનો! તમારા પર રોઝા ફર્ઝ કરવામાં આવ્યા, જેમ કે તમારાથી પહેલા લોકો પર ફર્ઝ કરવામાં આવ્યા હતા, કેમ કે તમે (રોઝહના પ્રતાપે) નઠારાં કામોથી (સદા) દુર રહેનાર થઇ જાઓ. (સુરએ બકરહ) (૪) રસૂલુલ્લાહ સલ.એ ફરમાવ્યું કે બેશક અલ્લાહતઆલાએ રમઝાનના રોઝો ફર્ઝ કરેલો છે અને મે એની રાતોમાં જાગવું (અટલે તરાવીહ પઢવું) સુન્નત કર્યુ છે. જે માણસે ફકત ઇમાન અને સવાબને પ્રાપ્ત કરવા માટે એના રોઝા રાખ્યા અને એની રાતોમાં તરાવીહ માટે ઉભો રહયો તો તે ગુનાહોથી એવો પાક થઇ જાય છે જેમકે એની માંના પેટમાંથી જનમ્યો હતો. (તરગીબ, નસાઇ) (૫) કુર્આને મજીદમાં છેઃ લયલતુલ કદ્ર હઝાર મહીનાથી બેહતર છે. (૬) જે માણસે શબે કદ્રમાં ઇમાન અને સવાબ હાસિલ કરવા માટે કિયામ કર્યો તો એના પાછલા બધા ગુનાહ માફ કરી દેવામાં આવે છે. (બુખારી – મુસ્લિમ) (૭) રમઝાનમાં એક રાત છ જે હઝાર મહીનાથી બેહતર છે, જે એની ખૈર (ભલાઇ,બરકત)થી મહરૂમ રહયો તો તે હકીકતમાં મહરૂમ રહયો. (અહમદ-નસાઇ)

(૨૦૩) : રોઝહ :

ઇસ્લામનો ચોથો રૂકન રોઝહ છે, રમઝાન મહીનાના રોઝહ પણ દરેક આકીલ-બાલીગ તંદુરસ્ત ઉપર ફરજ છે, વગર ઉઝરે છોડનાર ગુનેહાર અને ફાસિક ગણાય છે. કુરઆને મજીદમાં છે “અય ઇમાનવાળાઓ તમારા ઉપર રોઝહ ફર્ઝ કરવામાં આવ્યા છે જેવી રીતે કે તમારાથી પહેલાં (આગલી ઉમ્મત)ના લોકો પર ફર્ઝ કરવામાં આવ્યા હતા. એ આશા એ કે તમે (રોઝહના પ્રતાપે) નઠારાં કામોથી (સદા) દૂર રહેનાર થઇ જાઓ.” (સુ. બકરહ) રોઝહ માત્ર આ ઉમ્મત ઉપર જ ફર્ઝ કરવામાં નથી આવ્યા, બલ્કે હઝરત આદમ (અલ.)થી લઇ આપ (સલ.) સુધી દરેક ઉમ્મતના લોકો પર ફર્ઝ રહયા છે પરંતુ તેની સંખ્યા અને દિવસોમાં ફેરફાર હતો, હદીસ શરીફમાં આપ સલ.એ ફરમાવ્યું કે જે કોઇ અલ્લાહના માટે એક દિવસનો રોઝો રાખે છે તો ખુદાતઆલા તેના સામેથી ૭૦ વર્ષના રસ્તા બરાબર દોઝખની આગ દુર કરી આપે છે, (મુસ્લિમ) એક હદીસમાં છે કે રોઝા રાખતા રહો, તંદુરસ્ત રહેશો.

(અઝ કિતાબ અરકાને ઇસ્લામઃ- મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.)

(૨૦૪) : રોઝહ ની નિય્યત:

રમઝાનના ફર્ઝ અને નઝરે મુઅય્યન અને નફિલ રોઝહની નિય્યત સુબ્હે સાદિકથી લઇ નિસ્ફેનહારે શરઇ, (શરઇ અડધો દિવસ) થવા પહેલાં (સૂર્ય નમતા એક કલાક અગાઉ) નિય્યત કરી લેવું જરૂરી છે, રમઝાનના કઝા રોઝા અને નઝરે ગેર મુઐયન રોઝાની નિય્યત સુબ્હે સાદિકથી કરવું જરૂરી છે, સુબ્હે સાદિક પછી નિય્યત કરવાથી તે રોઝો સહિહ ગણાશે નહી. (હિદાયહ, ફતહુલ કદીર)

રોઝહ રાખવાની નિય્યતથી સેહરી ખાવી એ પણ નિય્યતના કાઇમ મુકામ છે, માટે જુબાનથી રોઝહની નિય્યત ન કરી હોય તો પણ રોઝો થઇ જશે, (જવહરએ નય્યિરહ, દુર્રે મુખ્તાર)

જે કામોથી રોઝો તૂટી જઇ માત્ર કઝા લાગુ પડે છે:

(૧) જાણી જોઇ મોં ભરી ઊલ્ટી કરવી (૨) વુઝુમાં કુલ્લી કરતી વખતે વગર ઇરાદે ગળાથી નીચે પાણી ચાલ્યું જવું (૩) બીડી, સિગરેટ પીવી તેમજ અગરબત્તી કે લોબાનનો ધુમાડો લેવો (૪) દાંતમાં રહેલી કોઇપણ ચીજ ચણા જેટલી કે એથી મોટી હોય, ખાઇ જવી, અગર મોમાંથી બહાર કાઢી ખાઇ જશે તો ચણાથી નાની હશે તો પણ રોઝો તૂટી જશે, (૫) હુકનો (એનેમાં) લેવું (૭) રાત સમજીને સુબ્હે સાદિક પછી સેહરી ખાવી (૮) સુરજ ડૂબી ગયો સમજી રોઝો ઇફતાર કરી નાંખવું અને હજી સુરજ ગુરુબ થયો ન હતો. (૯)ભુલથી ખાઇ-પી લેવું અને એમ સમજીને કે રોઝો તૂટી ગયો છે જાણી જોઇ ખાઇ લેવું (૧૦) ઔરતને હાથ લગાડવાથી મની નિકળી જવું (૧૧) રમઝાન સિવાય બીજા દિવસોમાં જાણી જોઇ રોજો તોડી નાખવો. મજકુર દરેક બાબતોથી રોઝો તૂટી જઇ માત્ર કઝા લાગુ પડે છે.

(અઝ કિતાબ અરકાને ઇસ્લામ)

(૨૦૫) : રોઝાહ અને આધુનિક વિજ્ઞાન :

મુસલમાન માત્ર અલ્લાહનો હુકમ સમજીને તેની પ્રસન્નતા ખાતર રોઝા રાખે છે. સાથે જ રોઝાથી શારીરિક અને માનસિક તંદુરસ્તી પ્રાપ્ત થાય છે. હઝરત ઇબ્ને ઉમર રદી. નબી સલ.નું ફરમાન વર્ણવે છે. “સુયુતસિહહૂ” રોઝા રાખો, તંદુરસ્ત રહેશો. (તબરાની ૧૭૪/૮ બયહકી ૧૬૫/૭)

રોઝા દ્વારા વ્યક્તિના શરીર અને મન પર પડતી સકારાત્મક અસરો વિશેના સંશોધનોથી પ્રભાવિત થઇને આજે પશ્ચિમી દેશોમાં ઘણા લોકો સ્વાસ્થ્યના લાભો માટે રોઝા રાખે છે. અમેરિકા સહિત આજે પશ્ચિમી દેશોમાં ઘણાં લોકો સ્વાસ્થ્યના લાભો મેળવવા માટે રોઝા રાખે છે. અમેરિકા સ્થિત Dr.Mark P.Mattson એ તેમના સહયોગીઓ સાથે વર્ષોના સંશોધન બાદ રોઝા વિશે એક વિસ્તૃત સંશોધન લેખ રજૂ કર્યો હતો. તેમણે એવું સંશોધન કર્યુ કે રોઝા માણસની વયમર્યાદા તથા રોગપ્રતિકારક શક્તિ વધારે છે. ઉપરાંત તેનાથી મગજનું સ્વાસ્થ્ય સુધરે છે. રોઝા અલ્ઝાઇમર તથા પાર્કિન્સન (મગજનો રોગ) ના હુમલાથી બચાવે છે.

(૨૦૬) : રોઝાહ અને આધુનિક વિજ્ઞાન

સંશોધનોથી એ વાત સાબિત થઇ છે કે એક માસના રોઝાના લીધે શરીરના વજન અને ચરબીમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. જે લાંબા ગાળે થતા હૃદયરોગ અને બ્લડપ્રેશર જેવા ઘાતક રોગોને નિવારવામાં અસરકારક નિવડે છે. જો કે આ લાભ પ્રાપ્ત કરવા માટે રમઝાનમાં રાત્રે પણ ઓછો ખોરાક લેવા પર ભાર મૂક્યો છે, જે ઇસ્લામી તાલીમ મુજબ આવકાર્ય છે. રમઝાનમાં રાત્રે પણ પ્રમાણસર ખોરાક લેવાથી બુઝુર્ગોના મતાનુસાર અનેક રુહાની ફાયદા થાય છે. અલ-અરબીયા ન્યુઝમાં પ્રકાશિત રાશા અદીબના લેખ "Top 4 incredible benefits of fasting in Ramadan" મુજબ આશ્ચર્યજનક નિશાની છે, તે આખા શરીરમાં શર્કરાનું પ્રમાણ જાળવે છે. રોઝા વડે આ શર્કરાનું પ્રમાણ જાળવવામાં મદદ મળે છે. આધુનિક સંશોધન મુજબ ડાયાબિટીસના જોખમમાં ખૂબ નોંધપાત્ર ઘટાડો થાય છે. ૧૯૯૪માં કાસાબલાન્કામાં "રમઝાન અને તંદુરસ્તી" વિષય પર મળેલી પ્રથમ આંતરરાષ્ટ્રીય સભામાં આ વિષય પર સૌથી વધુ સંશોધન લેખો રજુ થયા હતાં.

(૨૦૭) : રોઝાહ અને સ્થૂળતા (fatness)

જાડાપણું અનેક રોગોને નોતરે છે. વૈજ્ઞાનિક સંશોધનોથી સાબિત થયું છે કે રોઝા વજન ઘટાડવામાં ખૂબ સહાયક નીવડે છે. રમઝાન માસમાં રોઝાના લીધે કેલેરીનો સંચય ઘટે છે. તે જાડાપણાને દૂર કરવામાં મદદ કરે છે. ડો.મેટસનના મત મુજબ રોઝા દ્વારા વજનના ઘટાડાની સાથે જ તેનાથી મગજની કાર્યશક્તિમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળે છે.

: રોઝા ટોક્સિન ઘટાડે છે: વિવિધ પ્રકારના પોસેસ્ડ ખોરાકના લીધે શરીરમાં ટોક્સિન નામનું ઝેરી તત્વ પેદા થાય છે. આ ટોક્સિન ચરબીમાં ભળતું રહે છે. સતત એક માસના રોઝહ દરમિયાન શરીરની ચરબી પીગળવાથી શરીરમાં ટોક્સિનની માત્રામાં ખૂબ ઘટાડો જોવા મળે છે. ડો.એસ. સેલીજર અને ડો. હેન્સે તેમના સંશોધન લેખ "Is fasting healthy" માં આ અંગે ખૂબ રસપ્રદ તારણ રજૂ કર્યા છે.

આ મહિનામાં વિશ્વના તમામ મુસ્લિમો એક સાથે રોઝા રાખે છે. તેનાથી ગરીબો અને દુઃખીજનો પ્રત્યે હમદર્દી, માનવ સમાનતા, ધીરજ, માનવપ્રેમ, સહાનુભૂતિ જેવા ગુણો ખીલી ઉઠે છે.

(૧૦૮) : રમઝાનુલ મુબારકની બરકતવંત રાતો:

હદીસ શ.માં છે તલાશ કરો તમે શબે કદ્રને રમઝાનના છેલ્લા અશ્રામાં. (બુખારી શ.) નબીએ કરીમ સલ.ની મુબારક આદત હતી કે જયારે છેલ્લો અશ્રો આવતો તો કમરને મજબૂત બાંધી લેતા (એટલે કે ઇબાદતમાં ઘણી પાબંદી કરતા) રાતના જાગતા, અને ઘરવાળાઓને પણ જગાડતા. (બુખારી-મુસ્લિમ) હઝરત આઇશા રદી.એ અર્ઝ કર્યુ યા રસુલૂલ્લાહ સલ! અગર મને કોઇ પણ રીતે શબે કદ્રની ખબર પડી જાય કે ફલાણી રાતમાં છે તો હું એમાં શું દુઆ માંગુ? આપ સલ.એ ફરમાવ્યું આ દુઆ માંગો

اَللّٰهُمَّ اِنَّكَ عَفُوٌّ تُحِبُّ الْعَفْوَ فَاعْفُ عَنِّیْ

: "અલ્લાહુમ્મ ઇન્ન-ક અફુવ્વુન તુહિબ્બુલ અફવ ફઅફુ અન્ની" (અય અલ્લાહ! બેશક તુ મુઆફ કરવાવાળો છે, માફ કરવાને પસંદ કરે, જેથી તુ મને માફ કરી આપ) (તિરમિઝી, ઇબ્ને માજહ)

રમઝાનુલ મુબારકમાં આ મુબારક કલેમાત જેમ બને તેમ વધારે પઢતા રહેવું જોઇએ જે હદીસથી સાબિત છે.

"લા ઇલાહ ઇલ્લલ્લાહ. અસ્તગફિરૂલ્લાહ, અસ્અલુકલ જન્નહ-વ અઉઝુબિક મિનન્નાર."

(૧૦૯) એઅતેકાફ :

રમઝાન શરીફના છેલ્લા દસ (૧૦) દિવસનો એઅતેકાફ સુન્નતે મુઅક્કદહ અલલ કિફાયહ છે. માટે શહેર અથવા ગામની દરેક મહોલ્લાની મસ્જીદમાં એઅતેકાફ સુન્નતે મુઅક્કદહ છે. અગર મોહલ્લામાંથી કોઇ પણ એઅતેકાફ નહી કરશે તો બધા સુન્નત છોડવાના ગુનેહગાર થશે. અને અગર મહોલ્લામાંથી કોઇ પણ એઅતેકાફ કરી લેશે તો બધા તરફથી સુન્નત અદા થઇ જશે. (શામી ૬૬૦/૧)

જે મસ્જિદમાં પાંચ વખતની નમાઝ જમાઅત સાથે અદા થતી હોય એવી મસ્જિદમાં એઅતેકાફ કરવું દુરૂસ્ત છે. માટે જે મસ્જિદ વેરાન હોય, નમાઝ થતી ન હોય એવી મસ્જિદમાં એઅતેકાફ કરવું દુરૂસ્ત નથી. ઓરતોએ પોતાના ઘરની મસ્જીદમાં એઅતેકાફ કરવો જોઇએ.(અગર ઘરમાં કોઇ જગ્યા મસ્જીદ તરીકે ન નક્કી કરી હોય તો ઘરનો કોઇ ખુણો એના માટે નિશ્ચિત કરી લે)

ઓરતો માટે ઘરમાં એઅતેકાફ કરવું વધુ આસાન છે, ઘરની વ્યકિતઓ પાસે કામ પણ લઇ શકે છે અને એઅતેકાફનો સવાબ પણ હાસિલ કરી શકેછે. છતા પણ ઓરતો આ સુન્નતથી લગભગ મહરૂમ રહે છે માટે કોશીસ કરવી જોઇએ.

(૧૧૦) : દુઆ :

કુર્આને કરીમ અને અહાદીસેપાકમાં દુઆ કરવા માટે ફરમાવવામાં આવ્યું છે અને ફઝીલત બયાન કરવામાં આવી છે. કુર્આને પાકમાં છે : તમે મારાથી જ માંગો હું તમારી દુઆ કુબુલ કરીશ, ખરેખર જે લોકો મારી બંદગીથી અભિમાન કરે છે તેઓ નજીકમાં જ ઝલીલ થઇ દોઝખમાં જશે. (સુ. મુઅમિન – ૬૦) અહી બંદગીથી દુઆ મુરાદ છે. બંદાનું પોતાના પરવરદિગારથી માંગવું એ બંદગીની શરત છે. દુઆ ઇબાદત બલ્કે ઇબાદતનું મગજ છે અને દુઆ ન કરવી અહંકાર છે. અલ્લાહપાક દરેકની દુઆ કુબુલ કરે છે. દુઆથી યા તો મરજી મુજબ મળે છે અગર યોગ્ય ન હોય તો મુસીબત દુર થાય છે અથવા આખિરત માટે જમા રાખવામાં આવે છે. (અબુદાઉદ)

ફઝીલત:- આપ સલ.નું ફરમાન છે દુઆ જ ઇબાદત છે. બીજી હદીસમાં છે દુઆ ઇબાદતનું મગ્જ છે. આપ સલ.નું ફરમાન છે અલ્લાહના નઝદીક દુઆથી વધુ કોઇ ચીઝનું મહત્વ નથી, વધુ ઇરશાદ છે: અલ્લાહપાકે તમારામાંથી જેના માટે દુઆનો દરવાઝો ખોલી આપ્યો (એટલે દુઆની તવફીક મલી) તેના માટે અલ્લાહની રહમતના દરવાઝા ખોલી આપવામાં આવ્યા. આપ સલ.નું ફરમાન છે જયારે કોઇ બંદો દુઆ માટે હાથ ઉઠાવે છે તો ખાલી હાથ પાછા લોટાવી આપવાથી અલ્લાહને શરમ આવે છે. દુઆ માંગવાને અલ્લાહ માત્ર પસંદ જ નથી કરતો બલ્કે દુઆ ન કરવાથી નારાઝ થાય છે. (અબુદાઉદ, તિરમિઝી)

(૧૧૧) દુઆના અદબ :

(૧) વુઝુ કરી પાક સાફ થઇ દુઆ કરે. (૨) દુઆ વખતે કિબ્લા તરફ મોઢું કરે. (૩) દુઆ પહેલા અલ્લાહપાકની હમ્દ કરે અને દુરૂદ પઢે અને દુઆ પછી પણ દુરૂદ પઢે. (૪) બંનેવ હાથો ખભા બરાબર ઉઠાવવા. (૫) ધીમી અવાઝે દુઆ કરવી. (૬) પહેલા પોતાના માટે પછી માં-બાપ માટે અને દરેક મુસલમાન માટે દુઆ કરવી. (૭) દુઆ વખતે આસમાન તરફ ન જુએ. (૮) જયાં સુધી બની શકે દિલ લગાવીને દુઆ કરે અને દુઆ કુબુલ થવાની ઉમ્મીદ રાખે. (૯) દુઆના અંતમાં આમીન કહે. (૧૦) દુઆ પછી મોં ઉપર હાથ ફેરવે. (જવાહિરૂલ ફિકહ -૧) દુઆના કુબુલ થવા માટે હલાલ રોઝી શરત છે. યહ્યાબિન મઆઝ કહે છે ઇબાદત તાળુ છે, તાળુ ખોલવા માટે ચાવી દુઆ છે અને ચાવીના દાંતા (જેના વગર તાળુ ખુલતુ નથી) હલાલ રોઝી છે. (રૂહુલ બયાન ૨/૭૨૨) અમુક બુઝુર્ગોએ કહ્યું છે આસમાનની ચાવી દુઆ છે અને તેનાં દાંતા હલાલ ખોરાક છે. (રૂહુલ બયાન ૧/૬)

રમઝાનના મુબારક મહીનામાં ખાસ દુઆ કબૂલ થાય છે જેથી ખુબ પાબંદીથી દુઆનો એહતેમામ કરવો જોઇએ. છેલ્લા અશ્રાની એકી રાતો જેમાં ખાસ કરી શબે કદ્ર (૨૭ મી રાત), ઇફતારી અને સેહરીના સમયે, જુમ્આના દિવસે દુઆઓમાં મશ્ગુલ રહેવું જોઇએ. ઈફતાર સમયે રોઝદારની દુઆ ખાસ કબુલિયત ધરાવે છે.

(૧૧૨) સદકએ ફિત્ર :

ગરીબ મુસલમાનો પાસે ખાવા પીવાનો સામાન પહોંચી જાય અને તેઓ પણ ઇદની નમાઝ શાંતિપુર્વક અદા કરી શકે તેમજ રોઝદારથી રોઝામાં જે કંઇ કુસુર થઇ ગયો હોય તેના કફ્ફારા માટે સદકએ ફિત્ર શરીઅતમાં વાજીબ કરવામાં આવ્યો છે. (અબુદાઉદ, ઇનાયહ) ઝકાતનો જે નિસાબ છે તેટલા નિસાબના માલીક ઉપર સદકએ ફિત્ર વાજીબ થાય છે. સોના,ચાંદી અને વેપાર માટેના માલ સિવાય પોતાની જરૂરતથી વધારે ફરનીચર, ઘર, પહેરવાના કપડાં હોય જેની વરસ કદરમિયાન કોઇ એકાદ વખત જરૂરત પડે છે, હંમેશ જરૂરત પડતી નથી અને સાડાસાત તોલા સોના અથવા સાડાબાવન તોલા ચાંદીની કિંમત બરાબર હોય તો એ માલ ઉપર સદકએ ફિત્ર તેમજ કુરબાની વાજીબ થાય છે. સદકએ ફિત્ર પોતાના તરફથી અને પોતાની નાબાલિગ ઔલાદ તરફથી અદા કરવું જરૂરી છે. (હિદાયહ)

બેહતર એ છે કે સદકએ ફિત્ર ઇદની નમાઝ માટે ઇદગાહ જતા પહેલા અદા કરવો જોઇએ, અગર કોઇ રમઝાનમાં અદા કરી આપે તો પણ અદા થઇ જાય છે. (દુર્રે મુખતાર ભા-૨)

સદકએ ફિત્રનું વજન :- એક સદકએ ફિત્ર પોણા બે કિલો ઘઉં એટલે લગભગ ૧ કિલો ૭૫૦ ગ્રામ ઘઉં અથવા એટલા ઘઉંની કિંમત આપવી.

(૧૧૩) ઇદની રાતની ફઝીલત :

હદીસ શ.માં છે: જે જાગતો રહ્યો ઇદુલફિત્ર અને ઇદુલ અદહાની રાતે તો એનુ દિલ મુર્દા નહી થાય એ દિવસે જે દિવસે દિલ મુર્દા થઇ જશે. (એટલે કે કયામતના દિવસની ગભરાહટથી મહફુઝ રહેશે જે દિવસે કે લોકો કયામતની સખ્તીઓથી પરેશાન (વ્યાકુળ) હશે.

ઇદુલ ફિત્રની સુન્નતો:- (૧) ઇદનો ચાંદ જોઇને તકબીર પઢવાનુ શરૂ કરવું (કુરતુબી ૩/૪૭૯) (૨) તકબીર:- "અલ્લાહુઅકબર અલ્લાહુઅકબર લા ઇલાહ ઇલ્લલ્લાહુ વલ્લાહુઅકબર અલ્લાહુ અકબર વલિલ્લાહિલ હમ્દ" (ઇબ્ને અબી શયબા: ૫૬૫૨) (૩) ઇદુલ ફિત્રની નમાઝથી પહેલાં સદકએ ફિત્ર અદા કરવું (મુસ્લિમ શ. ૯૮૪) (૪) ગુસલ કરવું (બયહકી ૩/૨૭૮) (૫) (પોતાની પાસેના) સારા કપડાં પહેરવાં (બયહકી ૩/૨૮૧) (૬) ખૂશ્બુ લગાવવી અને મિસ્વાક કરવું (ઇબ્ને માજહ -૧૦૯૮) (૭) ઇદુલ ફિત્રની નમાઝથી પહેલા એકી સંખ્યામાં ખજુરો ખાવી. (બુખારી શ. ૯૫૩) (૮) ઇદુલ ફિત્રની નમાઝ માટે ઇદગાહ જવું (બુખારી શ. -૯૫૬) (૯) ઇદગાહ ચાલીને જવું (તિરમિઝી – ૫૩૦) (૧૦) પોતાના દોસ્તો અથવા રિશ્તેદારો સાથે ઇદગાહ જવું (ઇબ્ને ખુઝયમહ – ૧૪૩૧) (૧૧) ઘરથી ઇદગાહ જવા સુધી તકબીર પઢવું (બયહકી – ૩/૬૬૯) (૧૨) ઇદની નમાઝ માટે એક રસ્તા પરથી જવું અને બીજા રસ્તા પરથી આવવું (બુખારીશ.–૯૮૬) (૧૩) ઇદુલ ફિત્રની મુબારકબાદી આ અલફાઝમાં આપવી "તકબ્બલલ્લાહુ મિન્ના વ મિન્ક" અલ્લાહતઆલા અમારા અને તમારા તરફથી કુબુલ ફરમાવે. (ફતહુલ બારી – ૨/૫૧૭)

(૧૧૪) : માહે શવ્વાલ :

આ ઇસ્લામી વર્ષનો દસમો મહીનો છે. હદીસ શ.માં છે “જે માણસે રમઝાનના રોઝા રાખ્યા એના પછી શવ્વાલ ના છ રોઝા રાખ્યા તો એ માણસ એવો છે જેમ કે એણે આખા વર્ષના રોઝા રાખ્યા. (મુસ્લિમ, અબૂદાઉદ, તિરમિઝી, નસાઇ, ઇબ્ને માજહ)

અલ્લાહતઆલાની આદત પોતાના નેક બંદાઓ સાથે એ છે કે જયારે કોઇ નેક કામ કરે છે તો એને એ નેકીથી દસ ગણો વધારે સવાબ આપે છે. કુર્આનેમજીદમાં છે “મન જા-અ બિલ્હસનતિ ફલહૂ અશ્રુ અમ્સાલિહા... જે માણસ એક નેકી કરશે તો એને દસ ગણો સવાબ મળશે.” (પા -૮) આ કાયદાથી રમઝાનના ત્રીસ રોઝાનો સવાબ ત્રણસો રોઝાના બરાબર થયો. જો કોઇ શવ્વાલના છ રોઝા રાખી લે તો એનો સાઠ (૬૦) રોઝાના બરાબર સવાબ થઇ ગયો, વર્ષના કુલ ૩૬૦ દિવસ થાય છે આ રીતે મળીને કુલ રોઝાનો સવાબ આખા વર્ષના બરાબર થઇ ગયો.

આ હદીસથી શવ્વાલના રોઝાની ફઝીલત સારી રીતે સ્પષ્ટ થાય છે. આ રોઝાનો રમઝાનના રોઝાથી એવો સંબંધ છે જેમકે ફર્ઝ નમાઝોનો તેના પછીની સુન્નતોનો હોય છે.

શવ્વાલના રોઝા વિષે હુકમ એ છે કે રોઝા લગાતાર રાખવાની જરૂરત નથી, આ મહીનામાં છ રોઝા પૂરા થઇ જવા જોઇએ. અલબત્ત કોઇ પોતાની સહુલત માટે લગાતાર રાખે તો કોઇ વાંધો નથી. (અઝઃ મુફ્તી ઇસ્માઇલ વાડીવાલા સાહબ. રહ.)

(૧૧૫) દુરૂદ શ.ની ફઝીલતો અને બરકતો

અત્રે દુરૂદ શરીફના ખાસ ફઝાઇલ, બરકતો અને ફાયદાઓનું ટૂંકમાં વર્ણન કરવામાં આવે છે, જેનાથી સારી રીતે અંદાજો આવી જશે કે દુરૂદ શરીફ કેવી મહાન, ઉચ્ચ અને લાભદાયક ફઝીલતો, બરકતો અને ફાયદાઓ ધરાવે છે. ઉપરાંત એનાથી દુરૂદ શરીફ વધારે પઢવાની તરગીબ (પ્રેરણા) મળશે.

(૧) મોઅમિનનું એક દુરૂદ અલ્લાહતઆલાની દસ રહમતોનું નિમિત્ત બને છે. (૨) હુઝૂર સલ.ની દુઆ અને રહમતનો સબબ બને છે. (૩) એક દુરૂદ દસ રહમતો, દસ ગુનાહોની માફી અને દસ દરજાઓની બુલંદીનું નિમિત્ત બને છે. (૪) ૧૦૦ દુરૂદ જહન્નમ અને નિફાક (રિયા, hypocricy) થી બરાઅત (મૂક્તિ) નુ કારણ બને છે. (૫) સો દુરૂદ સો હાજતો પૂરી થવાનું નિમિત્ત બને છે. (૬) દુરૂદ શ. પઢવું નબીએ કરીમ સલ.ની શફાઅતનો સબબ બનશે. (૭) દુરૂદ શ.નો વધારે ઝિક્ર કયામતમાં નબીએ કરીમ સલ.ની સૌથી વધારે નજીકતાનું કારણ બનશે. (૮) દુરૂદ શ. કયામતના મેદાનમાં તીવ્ર તરસથી હિફાઝતનું સબબ બનશે. (બાકી..)

(૧૧૬) દુરૂદ શ.ની ફઝીલતો અને બરકતા

(૯) દુરૂદ શ. રંજ,ગમ,પરેશાની અને મુસીબતથી હિફાઝતનો સબબ બને છે. (૧૦) દુરૂદ શ. આર્થિક ભીસ અને ભૂખમરા ને દૂર રાખવાનું નિમિત્ત બને છે. (૧૧) દુરૂદ દિલનો કાટ દૂર થવાનું કારણ બને છે. (૧૨) દુરૂદ ભૂલાયેલ ચીજોને યાદ રાખવાનું કારણ બને છે. (૧૩) દુરૂદ શ. શકિત અને હયાતે કલ્બ (દિલના સજીવન થવા) નું કારણ બને છે. (૧૪) દુરૂદ લોકોની દ્રષ્ટિમાં મહબૂબ અને માનવંત બનવાનું નિમિત્ત બને છે. (૧૫) દુરૂદ ખ્વાબમાં હુઝૂર સલ.ની ઝિયારત નસીબ થવાનું કારણ બને છે. (૧૬) દુરૂદ ડૂબવાથી હિફાઝતનું કારણ બને છે. (૧૭) દુરૂદ માલની બરકતનું નિમિત્ત બને છે. (૧૮) દુરૂદ તોહમતથી છૂટકારાનું તથા લોકોની ગીબતથી હિફાઝતનું નિમિત્ત બને છે. (૧૯) દુરૂદ દીન-દુનિયાની દરેક પ્રકારની બરકતો અને ફાયદાઓની પ્રાપ્તિનું સબબ બને છે. (૨૦) દુરૂદ શ. દુઆની કબુલિયતનો સબબ બને છે. (સંદર્ભ:- અલ કવલૂલ બદીઅ – ૯૮, જિલાઉલ ઇફહામ – ૨૪૬)

(૨૧૭) શાસકની ખરાબ નિય્યતનો વસ્તુઓ ઉપર અસર

ઈમામ રાઝી(રહ.)એ પોતાની તફસીરની કિતાબમાં એક કિસ્સો ઇરાનના ન્યાયી બાદશાહ નવશેરવાનનો લખ્યો છે. તે એ કે બાદશાહ એકવાર શિકાર માટે નીકળ્યો. દોડતા દોડતા આગળ નીકળી ગયો અને પોતાના લશ્કરથી છુટો થઇ ગયો, તેને ખુબ તરસ લાગી. તેમને ત્યાં એક બાગ દેખાયો. તે બાગમાં જઇ પહોંચ્યો,જોયું કે બાગમાં દાડમના વૃક્ષો છે અને એક છોકરો ત્યાં હાજર હતો.તેમણે તેને કહયું કે એક દાડમ મને આપો. તેણે એક દાડમ આપ્યું. બાદશાહે તેને છોલીને તેમાંથી રસ કઢયો તો જોયું કે તે દાડમ માંથી ખુબજ સરસ અને સારો રસ નીકળ્યો. બાદશાહને તે બાગ ખુબ ગમી ગયો તો દિલમાં ઇરાદો કર્યો કે આ બાગ હું તેના માલીક પાસેથી પડાવી લઇશ. પછી તે છોકરાને કહયું કે બીજુ એક દાડમ આપ, તેણે બીજુ દાડમ લાવીને આપ્યું જયારે તેમાંથી રસ કાઢયો તો તેની માત્રા ઓછી અને બેસવાદ(insipid) પણ હતો, બાદશાહે છોકરાને પુછયું આ દાડમ આવું કેમ છે? છોકરાએ તરત જવાબ આપ્યો કે કદાચ આ વિસ્તારના શાસકનો ઇરાદો અને નિય્યત બદલાઇ ગઇ છે પરિણામે તેના જુલ્મની નહુસતથી આ દાડમ આવુ બેસ્વાદ થઇ ગયું. નવશેરવાન બાદશાહને દિલ માં ઝટકો લાગ્યો અને પોતાના ખોટા ઇરાદાથી મનમાં મનમાં તૌબા કરી.ફરી પાછુ બાગબાન છોકરાને ત્રીજુ દાડમ લાવી આપવા માટે કહયું. તેનો રસ કાઢયો તો પહેલા દાડમ કરતાં પણ વધારે સ્વાદિષ્ટ નીકળયો. બાદશાહે પુછયુંકે હવે દાડમની પરિસ્થિતિ કેમ બદલાઇ ગઇ ? બાગબાન છોકરાએ કહયું કે લાગે છે કે બાદશાહએ પોતાના ખોટા ઇરાદા બદલ તૌબા (repentance) કરી લીધી છે, જયારે બાદશાહે આ વાત સાંભળી અને આ હાલત જોઇ તો ભવિષ્ય માટે આવા ખોટા ઇરાદા અને જુલ્મથી પુરેપુરી તૌબા કરી લીધી.(તફસીરે રાઝી.૨૦૬-ભા.૧)

(૨૧૮) તકવાની હકીકત :

તકવાની હકીકતને બયાન કરતા હઝરતે ફરમાવ્યુંકે તકવો આ છે કે પોતાની બધી પરિસ્થિતિમાં વિચારો કે એમાં શરીઅતે મુકદદસાનો હુકમ શું છે? તકવો આ જ છે. જયારે અલ્લાહતઆલાનો ખૌફ(ડર) માણસના દિલમા હશે તો તે પોતાના દરેક કામ કાજ પર નઝર રાખશે અને શરીઅતના વિરૂધ્ધ કામ કરશે નહી,

આંખ, કાન અને મોઢું આજ તે માર્ગો છે જેના દ્વારા બુરાઇઓ દિલ સુધી પહોંચે છે,જયારે આંખ,કાન અને જીભના માર્ગ બંધ કરી આપશો તો ગુનાહોની ઇચ્છા દિલ સુધી પહોંચશે નહી,અને જો ગુનાહોની ઇચ્છા પૈદા થશે નહી તો દિલ ગુનાહોથી સુરક્ષિત રહેશે.આથી માલુમ પડયું કે દિલની હિફાઝત માટે આંખ,કાન, અને જીભ ની હિફાઝત જરૂરી છે,

ઇમામ તહાવી (રહ.)એ લખ્યું છે કે માણસ તકવો (piety -દિલમાં હમેંશા અલ્લાહનો ડર અને ખ્યાલ) રાખે તો અલ્લાહ પોતે એના માટે માર્ગદર્શક બની જાય છે.

હકીમુલ ઉમ્મત હઝ.મવ.અશરફઅલી થાનવી (રહ.)એ ફરમાવ્યું છે કે સગીરહ (નાના ગુનાહો) ને નાના સમજી ન કરો કારણકે આગ લાગવા માટે એક ચિનગારી પણ પુરતી છે. માટે જો અલ્લાહ તઆલા સજા આપવા ચાહે તો સગીરહ ગુનાહો પર પણ સજા આપી શકે છે.

અઝ કિતાબ :- ઇલ્મી વ ઇરફાની મહપારે હઝ.મૌ.મો.કમરૂઝઝમાં સા.ઇલાહાબાદી દા.બ.

(૨૧૯) આખિરત દુનિયાથી બેહતર છે..

ફરમાવ્યુ કે પાયાની વાત એ છે કે આખિરતને ભલાઇ સમજવું જરૂરી છે,જયાં સુધી એ ધ્યાનમાં ન બેસી જાય કે આખિરત દુનિયાથી વધારે સારી છે ત્યાં સુધી માનવી દુનિયામાં જ ફસાએલો રહેશે,તેનું ધ્યાન(લક્ષ્ય) આખિરત તરફ થશેજ નહી.માનવીએ આ વાત હમેશા નઝર સમક્ષ રાખવી જોઇએ કે દુનિયામાં ઘણુ બધું છે પરંતું આખિરતની નેઅમતો સામે દુનિયાની નેઅમતોની કોઇ હેસિયત નથી.

શાહ વલીઉલ્લાહ (રહ.)એ હુજજતુલ બાલિગાહમાં લખ્યું છે કે જે અલ્લાહના દીનનું કામ કરે છે તો આજે પણ એજ થઇ રહયું છે કે અલ્લાહ તઆલા કેટલાક લોકોનું ધ્યાન તેમના તરફ કેન્દ્રિત કરી આપે છે,જેઓ તેમના સહાયક બની જાય છે. આ સુન્નતે નબવી (સલ.)આજે પણ ચાલુ છે,અને કયામત સુધી ચાલુ રહેશે.

કુર્આને પાક (સૂ.દોહા)ની આયતથી આ વાત માલૂમ પડે છે કે હિદાયત મળવા માટે તલબ (ઇચ્છા અને તડપ) જરૂરી છે સાથેજ નિચ્યત અને ઇરાદો પણ જરૂરી છે જેના પરિણામે અલ્લાહ તઆલા તરફથી હિદાયત(right guidance) મળે છે.

અઝ કિતાબ :- ઇલ્મી વ ઇરફાની મહપારે,પીરો મુર્શિદ હઝ.મૌ.મો.કમરૂઝઝમાં ઇલાહાબાદી.દા.બ.

(૨૨૦) સિલા-રહ્‌મીની ફઝીલત

(loving own relatives well)

રિશ્તેદારો સાથે સિલારહમી કરવું એવો મુબારક અને પવિત્ર અમલ છે કે તેની બરકતથી અલ્લાહતઆલા રોજીમાં વિશાળતા (વૃધ્ધિ) અને ઉમરમાં વધારો અને બરકત આપે છે. ઇન્સાન કયારેક પોતાના માલ દ્વારા પોતાના રિશ્તેદારોની મદદ કરે છે, અને કોઇકવાર પોતાના સમય એમના કામો માટે આપે છે તો એના બદલા રૂપે અલ્લાહતઆલા તરફથી રોઝી અને માલમાં વૃધ્ધિ અને ઉમરમાં બરકત અને વધારો નિશંક આપે છે. આ સિલારહમીનો દુન્યવી ફાયદો છે.

હઝરત અબૂ હુરય્‌રહ રદિયલ્લાહુ અન્હૂથી રિવાયત છે કે, રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : તમે પોતાના વંશ(progeny-descent) ને એટલા પ્રમાણમાં જાણો અને યાદ રાખો કે જેના દ્વારા અને જેના આધારે તમે પોતાના રિશ્તેદારોને જોડી શકો, પોતાના રિશ્તેદારો સાથે સિલા-રહ્‌મી કરી શકો, કારણ કે રિશ્તાઓને જોડવાથી,સિલા-રહ્‌મી(mercy)કરવાથીરિશ્તેદારોની મુહબ્બતમાં વધારો થાય છે,માલ-દોલત અને ધન-સંપત્તિમાં વધારો થાય છે અને માણસની ઉમરમાં(પણ) વધારો કરી દેવામાં આવે છે.

(તિરમિઝી : ૩/૫૨૧,હદીષ ક્રમાંક : ૧૯૭૯)

જે રિશ્તેદારો સાથે સિલારહમી કરવું કુર્આન અને હદીસમાં આમતોર પર ફરમાવવામાં આવ્યું છે તેમાં દાદા,દાદી,ભાઇ,ભત્રીજા, ભત્રીજી, બહેન, ભાણજા, ભાણજી, કાકા, ફોઇ તેમની અવલાદ એજ રીતે નાના,નાની,માસી, અને તેમની અવલાદ વગેરે છે,જેમાં-માં-બાપ અગ્ર સ્થાને છે.

(૨૨૧) દીન ના ખાદિમોનારોજીનો બંદોબસ્ત અલ્લાહ તરફથી...

કેટલાક લઘુદ્રષ્ટિ ધરાવતા લોકો સમજે છે કે જો હું બુઝુર્ગો અને અલ્લાહવાળાઓ પાસે રહીશ અથવા અલ્લાહ-અલ્લાહ કર્યા કરીશ તો મારી દુનિયા છુટી જશે, એવું નથી બલ્કે અલ્લાહવાળા બનવાથી દુનિયા વધારે મળે છે,

બુઝુર્ગો કે અલ્લાહવાળાઓ દુનિયામા લાગવાથી મના નથી કરતા, ખુબ દુનિયા કમાઓ પરંતુ અલ્લાહ તઆલાને ન ભુલો, અલ્લાહને નારાઝ ન કરો...પરંતુ બુઝુર્ગો અને ઉલમાઓનુ કામ(મિશન) દીન અને ઇલ્મેદીનના પ્રચાર-પ્રસારનું હોય છે જેના કારણે તેઓ દુનિયામા વધારે નથી લાગતા,જરૂરત પુરતા મશ્ગુલ રહે છે. જેવી રીતે કે જયારે કોઇ નબીને નુબુવ્વત અર્પણ કરવામા આવે તો પછી તેના માટે જાઇઝ નથી હોતુ કે તે ધંધો-વેપાર કરે,નબીનો તો ઉચ્ચ દરજો છે. નબીના વારસદાર (ખલીફા) માટે પણ જાઇઝ નથી કે તેઓ વેપાર ધંધો કરે.

જયારે હઝ.અબુબ્રક સિદ્દિક (રદી) (જેઓ સારા વેપારી હતા) ખલીફા બન્યા તો ખભા ઉપર કપડાં લઇ મદીના શ.ની શેરીઓમાં વેપાર માટે નીકળ્યા તો અન્ય સહાબએ કિરામએ કહ્યુકે બિલ્કુલ નહી! હવે આપે આ કામ કરવાનું નથી, તમે અમીરૂલ મોઅમીનીન છો તમો સલ્તનતના કાર્યો કરો, મુસલમાનોની હિફાઝત કરો અને તેમને દીન શિખવાડો-બયતુલમાલ (સરકારી તીજોરી)થી આપને વઝીફો મળશે. -જયારે કોઇ બંદો અલ્લાહ તઆલાના કામ માં લાગે છે તો તેના માટે પણ અલ્લાહ તરફથી બંદોબસ્ત કરવામાં આવે છે.**(અઝ-કશકોલે મઅરિફત-ખાનકાહે ઇમદાદિયહ અશરફીયહ)**

(૨૨૨) કુરબાની :

દુનિયામાં અનોખી અને અજોડ કાર-કિર્દીઓની યાદ કાયમ કરવાનો રિવાજ તો ઘણો જૂનો છે પરંતુ તેના માટે મોટે ભાગે પ્રતિમા કે સ્તંભો ઉભા કરવા અથવા કોઇ ઇમારત બાંધી આપવામાં આવે છે,જેથી કારકિર્દી ધરાવનારનું બહુમાન તો થાય છે પરંતુ એનાથી વાસ્તવિક યાદગીરી (રૂહ) જીવંત રહેતી નથી. જેથી ઇસ્લામે આવી પ્રતિમાઓ કે ઇમારતો બાંધવાની પધ્ધતિને બદલે તેમના નેક કાર્યો અને અમલની નકલ કરવાને ઇબાદત બનાવી કયામત સુધી આવનાર લોકો માટે જરૂરી ઠેરવવામાં આવ્યું. આથી આ કાર્યો કરનારની યાદ તો તાજી રહે છે જ પરંતુ એ નેક કાર્યો કરવાનો ઉત્સાહ (spirit) પણ જીવંત તથા જાગૃત થાય છે.

કુરબાની પણ હઝ.ઇબ્રાહીમ ખલીલુલ્લાહ અને હઝ.ઇસ્માઇલ ઝબીહુલ્લાહ અલ.ની યાદગાર છે, જે લગભગ ચાર હજાર વર્ષ પહેલાંની યાદ કાયમ છે.

કુરબાનીનો શબ્દ ઘણોજ આમ અને પ્રચલિત થઇ ગયો છે. જીવનનું સમગ્ર તંત્રજ કુરબાનીની ભાવના પર આધારિત છે. (ક્રમશઃ)

(અઝ કિતાબ કુરબાનીની હકીકતઃ મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.)

(૨૨૩) કુરબાની :

કુર્આને હકીમમાં અલ્લાહતઆલા ફરમાવે છે. “જાહિદુ બિઅમ્વાલિકુમ વ અન્ફુસિકુમ..” અલ્લાહના માર્ગમાં પોતાના માલ અને જાનથી સંઘર્ષ કરો... (સૂ. તૌબહ આ.૪૧) અહી સૌ પ્રથમ માલની કુરબાની માંગવામાં આવી છે. એટલે દીન માટે જે પણ કુરબાનીની જરૂર પડે તો કોઇ પણ જાતના સંકોચ વગર પોતાની તૈયારી અને ઉત્સૂકતા રાખવી જોઇએ. પાંચ વખતની નમાઝ પણ એક કુરબાની છે. ઝકાત પણ કુરબાની છે. મુસલમાનોમાં એકતા અને ભાઇચારાની ભાવના કેળવવાની કોશીશ કરવી એ પણ કુરબાનીના વિશાળ અર્થમાં શામિલ છે.

હઝ.ઇબ્રાહીમ અલ.એ પોતાના એક માત્ર વહાલા ફરઝંદ કે જે ઘણીજ દુઆઓ પછી અલ્લાહપાક તરફથી મળ્યો હતો તેને પણ અલ્લાહની ફરમાબરદારીમાં કુરબાન કરી આપવામાં ઘણાજ ધૈર્ય અને અડગતાથી સાચો ઠેરવ્યો કે “મારી મોત અને હયાત બન્ને અલ્લાહના માટે જ છે.” હકીકતમાં કુરબાની પોતાની અવલાદ તરફથી ફિદયો છે માટે ખુબ દિલથી કુરબાની કરી અલ્લાહની નજીકતા અને ખુશનુદી હાસિલ કરવામાં આવે.(અઝ કિતાબ કુરબાનીની હકીકતઃ મુફતીઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.)

(૨૨૪) કુરબાનીની ફઝીલત :

આપ સલ.એ ફરમાવ્યું કે કુરબાનીના દિવસોમાં કુરબાનીથી વધુ કોઇ કામ ખુદાપાકને પસંદ નથી અને કયામતના દિવસે કુરબાનીનું જાનવર પોતાના સીગ-બાલ અને ખડીઓ સાથે આવશે. કુરબાની કરતી વખતે લોહીના ટીપાં જે જમીન પર પડે તે જમીન પર પડવા પહેલાં કબુલ થઇ જાય છે, માટે ખુબ દિલ ખોલીને કુરબાની કરો. (તિરમિઝી, ઇબ્ને માજહ)

ફાયદો:- સીગ, બાલ અને ખડીઓને ખાસ કરીને એટલા માટે બયાન કરવામાં આવ્યું છે કે માણસ બેકાર સમજી ફેંકી આપે છે. તો જયારે તે ખુદાપાક એ બેકાર ભાગો પર સવાબ આપે છે તો ગોશ્ત વિગેરે પર સવાબ કેમ નહી આપશે? મતલબ એ છે કે કુરબાની કરેલ જાનવરને તેના સીગ, બાલ અને ખડીઓ સાથે મીઝાનમાં મૂકવામાં આવશે. જેથી મીઝાન ભારી થઇ જશે. (અશાઅતુલ્લમઆત) સહાબાએ આપ સલ.ને પૂછયું કે કુરબાની શું વસ્તુ છે? તો આપ સલ.એ જવાબ આપ્યો, તમારા-બાપ હઝ.ઇબ્રાહીમ અલ.ની સુન્નત છે. ફરી સહાબા રદી.એ સવાલ કર્યો, એ અલ્લાહના રસુલ કુરબાની કરવાથી અમને શું ફાયદો થશે? તો આપ સલ.એ જવાબ આપ્યો કે કુરબાનીના જાનવરના બદનના દરેક બાલના બદલામાં એક-એક નેકી મળશે. સહાબા એ પૂછયું કે ઘેંટાના દરેક બાલના બદલામાં? તો આપ સલ.એ ફરમાવ્યું હાં,ઘેંટાના દરેક બાલના બરાબર નેકીઓ મળશે. (મિશ્કાત ૧૨૯) **(ક્રમશઃ)**

(૨૨૫) કુરબાનીની ફઝીલત :

અબ્દુલ્લાહ બિન ઉમર રદી.થી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ. દસ વર્ષ મદીના મુનવ્વરહમાં રહ્યા, અને દર વર્ષે કુરબાની કરતા હતા.(તિરમિઝી) આમ દર વર્ષે કુરબાની કરવાથી કુરબાની દર વર્ષે કરવી વાજીબ છે એમ સાબિત થાય છે. (મિશ્કાત ૧૨૯)

આપ સલ.એ ફરમાવ્યું કે જેની કુરબાનીની હૈસિયત હોય અને કુરબાની ન કરે તે મારી ઇદગાહના નઝદીક પણ ન આવે. (ઇબ્ને માજહ – ૨૨૬) મતલબ એ કે એવો માણસ અલ્લાહના દરબારમાં આવવાના લાયક નથી. કયામતના દિવસે કુરબાનીનું જાનવર સહી સાલિમ પેદા કરવામાં આવશે. જેને કુરબાની કરનાર માટે પુલસિરાત ઉપરથી પસાર થવા માટે સવારી બનાવવામાં આવશે. (મઝાહિરે હક) એને લઇ આપ સલ.એ ફરમાવ્યું કે કુરબાનીના જાનવરની ખિદમત કરી ખૂબ મોટા ફરબહ (Plump- હૃષ્ટ પુષ્ટ) બનાવો. કારણ કે કુરબાનીના જાનવરો કયામતના દિવસે પુલસિરાત ઉપરથી પસાર થવા માટે સવારી બનાવવામાં આવશે. સહાબા રદી. ફરમાવે છે કે હમો મદીનામાં પોતાની કુરબાનીના જાનવરોને મોટા કરવાની તાકીદ રાખતા. અને બીજા મુસલમાનોની પણ આજ હાલત હતી. (બુખારીશ./૧) **(ક્રમશઃ)**

(૨૨૬) કુરબાનીની ફઝીલત :

કુકહાએ કિરામ ફરમાવે છે કે બેહતર એ છે કે કુરબાનીનું જાનવર પોતે પસંદ કરી ખરીદે અને તેની ખિદમત-ચાકરી કરી દિલમાં તેની મોહબ્બત પૈદા કરે, કુરબાનીના જાનવર સાથે નરમીનો વર્તાવ કરે. (આલમગીરી-૫) કુરબાની હઝ.ઇસ્માઇલ અલ.ની જગ્યાએ છે જેથી એ નેક બંદાઓની યાદગાર બાકી રાખવા માટે મુસલમાનોને એ તારીખોમાં કુરબાની કરવાનો હુકમ કરવામાં આવ્યો છે, જેથી દરેકના દિલમાં એની યાદ (રૂહ) ઝિન્દહ થઇ જાય. અને કુરબાનીની યાદથી શિખામણ (બોધ-Lesson) લીએ કે ખુદાના રસ્તામાં પોતાની સૌથી પ્યારી ચીઝ કુરબાન કરવામાં આવે છે.

પોતાની કુરબાની પોતાના હાથથી ઝબહ કરવું મુસ્તહબ છે. અગર પોતે ઝબહ ન કરી શકે તો ત્યાં હાજર રહે. પરંતુ અફસોસ એ છે કે ઘણા લોકો કુરબાનીના દિવસોમાં જ જાનવર ખરીદી કુરબાની કરે છે. (બલ્કે બારોબાર અન્ય જગ્યાએ આપી દે છે) જેથી કુરબાનીની ફઝીલત અને તેની હકીકત (reality)થી મહરૂમ રહે છે.. (અઝ કિતાબ કુરબાનીની હકીકત: મુફતી ઇસ્માઇલ વાડીવાલા સા. રહ.)

(૨૨૭) કુરબાની માટે સવાલો :

કુરબાનીના હુકમ પર આમ તોર પર સવાલ કરવામાં આવે છે કે કુરબાની કરવાથી જાનવરો ખતમ થઇ જશે. દર વરસે જાનવરો ઝબહ કરવામાં જેટલા રૂપિયા ખર્ચ થાય છે તે ગરીબો, બેવાઓની મદદમાં વાપરવામાં આવે અથવા એ રકમ હોસ્પિટલ, મુસાફિરખાના વગેરેમાં વાપરવામાં આવે તો લોકોને એ રકમથી સારો ફાયદો પહોંચી શકે છે. કુરબાની કરવાથી શું ફાયદો? તો એનો જવાબ એ છે કે દુનિયાની દરેક ચીઝની એક સૂરત અને ઝાહેરી દેખાવ હોય છે અને એક તેની રૂહ હોય છે. જેવી રીતે કપડાંનો ઝાહેરી દેખાવ કપડું છે અને તેની રૂહ(હેતુ) સતર ઢાંકવું અને શરીરનું રક્ષણ કરવું છે. ખાવાની એક ઝાહેરી સૂરત છે કે જે દસ્તરખ્વાન પર દરેકની સામે મુકેલી વસ્તુઓ હોય છે, અને તેની રૂહ પેટ ભરવું અને જીવન ટકાવવું છે. એ જ પ્રમાણે શરીઅતમાં દરેક અમલનો એક ઝાહેરી દેખાવ છે અને એક રૂહ છે. જેવી રીતે વુઝુ ખાસ તરીકા પર બેસી બદનના અવયવોને ધોવું એ એનો ઝાહેરી દેખાવ છે અને વુઝુથી પાકી હાસિલ કરી અલ્લાહના દરબારમાં હાજરીના લાયક થઇ શકવું એ એની રૂહ છે.**(ક્રમશ:)**

(૨૨૮) : કુરબાની માટે સવાલો .

એ જ પ્રમાણે ગુસલ કરવાની ઝાહેરી સૂરત બદનના અવયવો ને ધોવું છે અને એની રૂહ (તન-મનની) પાકી અને સફાઇ હાસિલ કરવું છે. નમાઝની ઝાહેરી સુરત નિય્યત કરી હાથ બાંધી ઉભા રહેવું અને રૂકુઅ,સજદો વગેરહ અદા કરવું છે અને એની રૂહ ખુદાપાકની નઝદીકી હાસિલ કરવી અને પોતાની બંદગી અને આજીઝી ઝાહેર કરવું છે. રોઝહની રૂહ તઝકિયએ નફસ છે. ઝકાત અને સદકાની રૂહ અલ્લાહના રસ્તામાં માલ કુરબાન કરવું છે. તો જયાં સુધી ઝાહેરી સુરત ઇખ્તિયાર કરવમાં ન આવે ત્યાં સુધી તેની રૂહ હાસિલ થઇ શકતી નથી. જેમકે જયાં સુધી નમાઝની ઝાહેરી સૂરત રૂકુઅ-સજદા વગેરે અદા કરવામાં ન આવે ત્યાં સુધી નમાઝની રૂહ બંદગી અને આજીઝી (નમ્રતા) હાસિલ થશે નહી. એજ પ્રમાણે શરીઅતના દરેક કામોની ઝાહેરી સૂરત જયાં સુધી ઇખ્તિયાર કરવામાં ન આવે ત્યાં સુધી તેની રૂહ (Spirit)હાસિલ થઇ શકશે નહી.

અગર કુરબાનીના બદલે ગરીબો,બેવાઓ વગેરેની મદદ કરવામાં આવે તો એનાથી સદકાની રૂહ અને ફાયદો હાસિલ થશે પરંતું કુરબાનીની રૂહ પોતાના મહબુબ ચીઝને ખુદાના રસ્તામાં કુરબાન કરવું (ત્યાગભાવ) હાસિલ થઇ શકશે નહી. **(બાકી)**

(૨૨૯)કુરબાની માટે સવાલો..

માટે અગર કોઇ માણસ કુરબાની ન કરે અને તેના બદલામાં ખૈરાત કરે તો કયામતના દિવસે તેને ખૈરાતનો સવાબ મળશે, પરંતુ કુરબાની ન કરવા વિષે પુછવામાં આવશે, જેમકે કોઇ માણસ નમાઝ પઢતો રહે અને રોઝહ-ઝકાત અદા ન કરે તો નમાઝનો સવાબ મળશે પરંતુ રોઝહ અને ઝકાતની પૂછ થશે. જયારે આ વાત જાણી લીધી કે જાનવરોની કુરબાની જે પ્રતિવર્ષ મુસલમાનો માટે જરૂરી છે એ ઇબ્રાહીમી યાદગાર છે તો એથી એ પણ સ્પષ્ટ થઇ ગયું કે જાનવરની કિંમતનો સદકો કરી આપવું અથવા બીજા કોઇ નેક કામમાં રકમ ખર્ચ કરી આપવાથી આ ફર્ઝથી મૂકત થઇ શકશે નહી. જેવી રીતે કે રોઝહની જગ્યાએ નમાઝ અને નમાઝને બદલે રોઝહ અદા થઇ શકતા નથી અને ઝકાતને બદલે હજ કે હજના બદલે ઝકાત ચાલી શકે નહી. કોઇ માણસ પોતાની બધી માલ-મિલકત અલ્લાહના માર્ગમાં સદકો કરી આપે તેજ પ્રમાણે ગમે તેટલો સદકો ખૈરાત કરવામાં આવે પરંતુ ઇબ્રાહીમી યાદગાર કુરબાનીનો ફર્ઝ અદા થશે નહી.

એજ પ્રમાણે ખૈર-ખૈરાત નફલી ઇબાદતો છે અને કુરબાની કરવી વાજિબ છે. તો ખૈરાત અને ગરીબોની મદદ કરવાથી વાજિબ કુરબાની અદા થયેલી ગણાશે નહી, કારણકે એનાથી કુરબાનીની રૂહ (જઝબો, Sprit)પેદા થતી નથી. વળી કુરબાનીના જાનવરોના ગોશ્ત,ચામડાં અને તેની કિંમતથી ગરીબોની મદદ કરવામાં આવે છે, એમાં પણ ગરીબોનો ફાયદો જ છે.

(૨૩૦) : ઝીલહજ્જના પહેલા દાયકાની ફઝીલતઃ

ઝિલહજ્જના મુબારક મહિનાની ફઝીલતો અને બરકતો બેશુમાર છે.ખાસ કરીને એ મહિનાના પહેલા દસ દિવસોમાં અલ્લાહતઆલા તરફથી ઘણી બરકતો અને રહમતો નાઝિલ થાય છે. હઝ.અબુ હુરૈરહ રદી.થી રિવાયત છે કે આપ સલ.એ ફરમાવ્યું કે ઇબાદત માટે ઝીલહજ્જના પહેલા દસ દિવસોથી બેહતર કોઇ વખત નથી, એમાં દરેક દિવસનો રોઝો એક વરસના રોઝા બરાબર અને એક રાતની ઇબાદત લયલતુલ કદરમાં ઇબાદત કરવા બરાબર છે. (મિશ્કાત પે-૧૮૮) હઝ. હફસા રદી. બયાન ફરમાવે છે કે આપ સલ. ઝિલહજ્જની પહેલી તારીખથી નવમી તારીખ સુધીના રોઝા રાખતા હતા. આપ સલ.એ ફરમાવ્યું કે અરફહના દિવસે એટલે ઝીલહજ્જની નવમી તારીખનો રોઝો રાખવાથી આવતા એક વરસ અને પાછલા એક વરસના ગુનાહો માફ થઇ જાય છે. (કન્ઝુલ ઉમ્માલ) અરફહ અને ઇદની વચલી રાતમાં ઇબાદત કરવું બહું જ ફઝીલત અને સવાબનું કામ છે. અરફાતના મેદાન પર અરફહના દિવસે આપણા નબી સલ.પર ખુદાપાકે પોતાની રઝામંદી અને દીનને કામીલ (complete) કરી દીધાની બશારત આપતી આયત નાઝિલ ફરમાવી હતી. **મસઅલો :** જેનો કુરબાની કરવાનો ઇરાદો હોય તેના માટે મુસ્તહબ છે કે ઝીલહજ્જના મહીનાની ચાંદ રાતથી લઇ પોતાની કુરબાની ઝબહ ન થાય ત્યાં સુધી નખ તેમજ બદનના કોઇપણ બાલ ન લીએ.(મિશ્કાત)

અઝ કિતાબ : હઝ.મુફ્તી ઇસ્માઇલ વાડીવાલા સા.રહ.

(૨૩૧) : અરફહ ના રોઝાની ફઝીલત

રસુલુલ્લાહ સલ.એ ઇરશાદ ફરમાવ્યો કે હું અલ્લાહતઆલાથી ઉમ્મીદ રાખું છું કે અરફહ (નવમી ઝિલહજ્જ) નો એક રોઝો રાખવાથી ગયા એક વર્ષ અને આવતા એક વર્ષના ગુનાહોનો કફ્ફારો થઇ જાય છે. (મુસ્લિમ શ.) હુઝુર સલ.એ ઇરશાદ ફરમાવ્યો કે જેણે અરફહનો રોઝો રાખ્યો તો તેના સતત બે વર્ષના ગુનાહ માફ કરી દેવામાં આવે છે. (તરગીબ) નબીએ કરીમ સલ.એ ઇરશાદ ફરમાવ્યો કે જે માણસ બન્ને ઇદો (ઇદુલ ફિત્ર અને ઇદુલ અદહા)ની રાતોમાં સવાબની ઉમ્મીદ સાથે (ઇબાદત માટે) જાગતો રહ્યો તો તેનું દીલ તે દિવસે જીવંત રહેશે જે દિવસે કે બધાના દિલ મુર્દા હશે. (તરગીબ, ઇબ્ને માજહ)

તકબીરે તશરીક :- અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર, લા ઇલા-હ ઇલ્લલ્લાહુ વલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર, વલિલ્લાહિલ હમ્દ.

અરફાની ફજરની નમાઝથી ૧૩ તારીખની અસર સુધી દરેક ફર્ઝ નમાઝ પછી એક વાર પઢવું દરેક મર્દ અને ઓરત માટે વાજિબ છે.

કુલ ૨૩ ફર્ઝ નમાઝોમાં આ તકબીર પઢવામાં આવશે. (બયહકી, આસારુસ્સુનન)

મર્દો દરમિયાની બુલંદ અવાઝથી પઢે અને ઓરતો આહિસ્તા અવાઝથી પઢે.

અઝ કિતાબ : હઝ.મુફ્તી ઇસ્માઇલ વાડીવાલા સા.રહ.

(૨૩૨) : કુરબાની બાબતે જરૂરી એહતિયાતઃ

કુરબાની કરવા બાબત ઇસ્લામે ઘણાં સૂચનો કર્યા છે, તેને ઘ્યાનમાં રાખવા આવશ્યક છે, એવું ન થવું જોઇએ કે એક ઇબાદતની અદાયગીમાં અન્ય ઇસ્લામી આદેશો અને ઉપદેશોનો ભંગ થાય. આ માટે નીચે દર્શાવેલા આદેશો અને ઉપદેશો તરફ લક્ષ (ઘ્યાન) કેન્દ્રિત કરવું જોઇએ.

(૧) ઇસ્લામે ઘણી જ સખતાઇપૂર્વક-ભારપૂર્વક હુકમ આપ્યો છે કે પોતાના કોઇપણ અમલથી અન્ય કોઇને તકલીફ પહોંચવી જોઇએ નહી.(અત્તરગીબ વત્તરહીબઃ ૩/૨૩૯) **(૨)** આપ સલ.નું ફરમાન છે કે લોકોના રસ્તામાં ગંદકી ન કરો. તદુપરાંત, આપ સલ. એ ફરમાવ્યું છે કે, જે કોઇએ રસ્તામાં ગંદકી રાખી તો તેના ઉપર અલ્લાહતઆલા, અલ્લાહના ફરિશ્તાઓ અને તમામ લોકોની લઅનત વરસે છે. (અત્તરગીબ વત્તરહીબઃ ૧/૮૧) **(૩)** આપ સલ.એ પોતાનું ઘર તથા આંગણાને સ્વચ્છ રાખવાનો આદેશ આપ્યો છે અને ગંદકી કરવાને ગૈરઇસ્લામી કૃત્ય લેખાવ્યું છે. (તિરમિઝીઃ ૨/૧૦૭) **(૪)** આપ સલ.એ ફરમાવ્યું કે મારી સમક્ષ મારી ઉમ્મતના સારા-નરસા અમલો (કર્મો) પેશ કરવામાં આવ્યા, તો તે અમલોમાં સર્વશ્રેષ્ઠ અમલ રસ્તામાંથી નડતરરૂપ વસ્તુને હટાવવાનો અમલ હતો. (ઇબ્ને માજહઃ ૩૭૬)

હુઝુર સલ.ની ઉપરોકત હદીસોની રોશનીમાં કુરબાની કરનાર પ્રત્યેક મુસલમાનની ફરજ છે કે તે કુરબાનીના બિનજરૂરી અંગો-ઉપાંગોને રસ્તામાં ન ફેંકે, બલકે તેને યોગ્ય ઠેકાણે દફનાવી દે. વ્યવસ્થિત તરીકાથી પરદા અને આડવાડ સાથે એવી ગુપ્ત રીતે કુરબાની કરે કે કોઇને પણ તકલીફ ન થાય. કુરબાની ઇબાદત છે, માટે ઇબાદતને એવી રીતે અદા કરે કે ઇબાદતનો મુખ્ય હેતુ માર્યો ન જાય.

કુરબાનીની પવિત્ર ઇબાદતમાં એવી કોઇ ગેરરીતિ અને અનીતિ અપનાવવામાં ન આવે, જેનાથી ઇસ્લામ અને મુસલમાનો બદનામ થાય. સ્વચ્છતાનો ખાસ ખ્યાલ રાખવો જોઇએ. અને ઇબાદતનો મહિમા જળવાય રહે એ રીતે કુરબાની કરવી જોઇએ.

સાભારઃ- (પ્રકાશન વિભાગ) દારૂલ ઉલૂમ ભરૂચ-કંથારીઆ

(૨૩૩) કુરબાની ની દુઆ

કુરબાની કરતી વખતે ઝબહ કરનારે "બિસ્મીલ્લાહિ અલ્લાહુ અકબર"કહેવું જરૂરી છે.

સુન્નત એ છે કે જયારે જાનવર ઝબહ માટે કિબ્લા તરફ મોં કરી સુવાડવામાં આવે તો આ આયત પઢવામાં આવે. ઇન્ની વજજહતુ વજહિય લલ્લિઝી ફતરસ્સમાવાતિ વલ્અરદિ હનીફવ્વમા અન મિનલમુશરિકીન. ઇન્નસલાતી વનુસુકી વમહયાય વમમાતિ લિલ્લાહી રબ્બિલ આલમીન. લાશરીકલહુ વબિઝાલિક ઉમિરતુ વઅન મિનલ મુસ્લિમીન,અલ્લાહુમ્મ મિન્ક વ લક.

اِنِّیْ وَجَّھْتُ وَجْھِیَ لِلَّذِیْ فَطَرَ السَّمٰوٰتِ وَالْاَرْضَ حَنِیْفًا وَّمَآاَنَامِنَ
الْمُشْرِکِیْنَ اِنَّ صَلٰوتِیْ وَنُسُکِیْ وَمَحْیَایَ وَمَمَاتِیْ لِلّٰہِ رَبِّ الْعَالَمِیْنَ لَا
شَرِیْکَ لَہٗ وَبِذٰلِکَ اُمِرْتُ وَاَنَامِنَ الْمُسْلِمِیْنَ اَللّٰھُمَّ مِنْکَ وَلَکَ.

પછી "બિસ્મીલ્લાહિ અલ્લાહુ અકબર" પઢી ઝબહ કરે અને ઝબહ કર્યા પછી આ દુઆ પઢે. અલ્લાહુમ્મ તકબ્બલહો મિન્ની કમા તકબ્બલ્ત મિન હબીબિક મુહમ્મદિન વ ખલીલિક ઇબ્રાહીમ અલૈહિમૂસ્સલામ.

(...) સૂરએ હશ્રકી આકિરી તીન આયતેં

હઝરત મઅકલ બિન યસાર રદી.સે રિવાયત હે કે નબીએ કરીમ સલ.ને ફરમાયા કે જો શખ્સ સુબહકો તીન મરતબા "અઉઝુ બિલ્લાહિસ્સમીઇલ અલીમી નિનશ્શયતા-નિર્રજીમ" પળ્હે ફિર સૂરએ હશ્ર (પારહ ૨૭) કી આખિરી તીન આયતેં એક બાર પળ્હે તો અલ્લાહતઆલા ઉસ પર ૭૦ (સત્તર) હઝાર ફરિશ્તે મુકર્રર કર દેતે હૈં જો શામ તક ઉસ્કે લીયે ઇસ્તિગફાર કરતે રહતે હૈં, ઓર અગર ઉસ દિન ઉસકો મોત આ ગઇ તો શહીદ મરેગા ઓર જો શામકો પળ્હ લે તો ઉસકોભી યહી દરજા હાસિલ હોગા. (મિશ્કાત પે:૧૮૮)

(૨૩૪) મસ્જીદ ના આદાબ

આપ(ﷺ) એ બદબુદાર વસ્તુ ખાયને અને પીને મસ્જીદ મા આવવાથી મના ફરમાવ્યું છે એટલા માટેકે જે વસ્તુથી માણસોને તકલીફ પહોંચે છે ફરિશ્તા ને પણ એ વસ્તુથી તકલીફ પહોંચે છે મસ્જીદમાં દુન્યિાની વાતો કરવી નેકીઓને એવીરીતે ખાય જાય છે જેવીકે આગ સુકી લાકડીઅઓને ખાય જાય છે અને અલ્લાહતઆલા એમના ૪૦ દિવસોના અમલ બરબાદ કરી દે છે (બુખારી શ. મુસ્લિમ શ.)

આપ(ﷺ) એ ફરમાવ્યું કે જે માણસ ઘરેથી મસ્જીદતરફ જવા માટે નિકળે છે તો અલ્લાહતઆલા એમના હર કદમ પર નેકી આપે છે અને દરજાતને બુલંદ ફરમાવે છે જે માણસ ઘરથી વુઝુ કરીને ફર્ઝ નમાઝ અદા કરવા નિકળે છે તો ઘરથી એહરામ બાધીને હજ્જ માટે જવા વાળાના બરાબર સવાબ મળે છે. (અબુદાઉદ શ.૮૨)

આપ(ﷺ) નો ઇરશાદ છે કે મસ્જીદમાં બજારોની જેમ શોર કરવાથી દુર રહો એટલા માટે કે મસ્જીદ અલ્લાહનું ઘર છે એના અદબનો ખ્યાલ રાખવું જરૂરી છે. (અબુદાઉદ શ.૯૮) આપ(ﷺ) એ ફરમાવ્યું કે એક વખત એવો આવશે કે લોગ મસ્જીદોમાં દુન્યિાની વાતો કરવા લગશે તમને જોઇએકે એવા લોકો પાસે ન બેસે અલ્લાહતઆલાને એવા લોકો સાથે કોઇ તઅલ્લુક નથી (શોઅબુલ ઇમાન લિલબયહકી)

(૨૩૫) સફોને સીધી અને બરાબર રાખવી

જમાઅતની નમાઝમાં સફોમાં મળીને ઉભા રહેવું અને બે નમાઝીઓના વચમાં ખાલી જગા ન રાખવું જરૂરી છે વચમાં ખાલી જગ્યા રાખવા વિશે સખ્ત વઇદ (ચેતવણી) આપવામાં આવેલી છે આપ(ﷺ) એ ત્રણ વખત ફરમાવ્યું તમો સફોને બરાબર કરો,નહી તો અલ્લાહ તમારા દિલો માં નફરત નાખી દેશે.

આપ(ﷺ) એ ફરમાવ્યું કે ફરિશ્તા પોતાના રબની સામે સફો બાંધે છે તમો એમની જેવી સફ કેમ નથી બાંધતા? સહાબા (ﷺ) એ પુછ્યું કે ફરિશ્તા કેવી રીતે સફ બાંધે છે? આપ(ﷺ) એ જવાબમાં ઇરશાદ ફરમાવ્યું કે પહલી સફ પુરી કરે અને સફોમા ખભે ખભા મિલાવીને ઉભા રેહતા હતા આપ(ﷺ) નો ઇરશાદ છે કે સફોને સીધી રાખો અને ખભા બરાબર રાખો (સમાન) અને ખાલી જગ્યાને પૂર્ણ કરો વચમા શૈતાન ના માટે જગ્યા ખાલી ન રાખો.જે માણસો સફમા મળીને ઊભા રહે છે અલ્લાહતઆલા એમના પર પોતાની રહમત ઉતારે છે અને જે સફોને બરાબર નથી રાખતા તો અલ્લાહતઆલા પોતાની રહમત થી એમને દુર રાખે છે મતલબ એ છે કે સફ બરાબર સીધી રાખવી,આગળ ,પાછળ ન રહે અને વચમા ખાલી જગ્યા ન રહે. આપ(ﷺ) એ ફરમાવ્યું કે સફો બરાબર દરવાથી નમાઝ મુકમ્મલ અદા થશે. (અબુદાઉદ શરીફ)

(૨૩૬) નમાઝના આદાબ

"આપ (ﷺ) નુ ફરમાન છે કે તમો નમાઝ એવી પઢો કે અલ્લાહતઆલાને તમો જોઇ રહયા છે,અને જો એવુ નથી કરી શકતા તો એટલુ જરૂર સમજો કે અલ્લાહતઆલા તમને જરૂર જોઇ રહયા છે (બુખારી,મુસ્લિમ .)

"આપ (ﷺ) એ ફરમાવ્યું એકલા નામઝ પઢવા કરતાં જમાઅત સાથે નમાઝ પઢવાથી ૨૭ ઘણો વધારે સવાબ મળે છે (અબુ દાઉદ શ.)

"આપ (ﷺ) એ ફરમાવ્યું રૂકુઅ અને સિજદા માં ઇમામ થી પેહલા ઉઠવા વાળા શું આ વાતથી ડરતા નથી કે એમની શકલ ગધેધા જેવી બનાવી દેવામાં આવે? (બુખારી શ.મુસ્લિમ શ.) નમાઝ માં આમ તેમ જોવું સવાબની બરબાદીનુ કારણ છે (તિરમીઝી શરીફ)

અલ્લાહતઆલા નમાઝી પર પોતાની રહમત અને તવજ્જુહ ફરમાવે છે પરંતુ આમ તેમ જોવાથી પોતાની રહમત હટાવી દે છે (અબુ દાઉદ શ. ૧૩૧)

નમાઝમા ટખતોના નીચે પાયજામો રાખવાવાળા ની નમાઝ મકરૂહ છે આપ સલ.એ ફરમાવ્યું કે ટખનો ના નીચે કપડા રાખવાવાળાની નમાઝ ન ગુનાહોને માફ કરે છે અને ન ગુનાહોથી હિફાઝત થાય છે એવા માણસની નમાઝ (કામિલ) અદા થતી નથી (અબુ દાઉદ શ. ૯૩)

(૨૩૭) નમાઝી કે સામને સે ગુઝરના

"હુઝુર સલ. ને ફરમાયા ક નમાઝી કે સામને સે ગુઝરને કા ગુનાહ અગર કોઇ જાન લે તો એક કદમ ભી આગે ચલને સે એકસો સાલ તક ઊસ જગાહ ખળા રેહના પસંદ કરેગા " (બુખારી વ મુસ્લિમ મનહલ)

"હુઝુર સલ.ને ફરમાયા કે જાનબુજકર નમાઝીકે સામને સે ગુઝરનેવાલા શયતાન હૈ ઊસકો સખ્તીસે રોકના ચાહીયે." (બુખારી વ મુસ્લિમ)

હુઝુર સલ.ને ફરમાયા કે નમાઝી કે સામને સે જાન બુજકર ગુઝરનેસે ઝમીન કે અંદર ચલે જાના ઝયાદા બેહતર હે.(મુ.માલિક)

નમાઝી કે સામનેસે ગુઝરનેવાલેકો મિટ્ટી બના કર ઉળા દિયા જાએ યે નમાઝી કે સામને સે ગુઝર જાને સે બેહતર હે.(મનહલ)

નમાઝી કે લીએ ભી જરૂરી હે કે એસી જગહ નમાઝ પળ્હે કે કિસીકો આને-જાનેમેં તકલીફ ન હો. વરના નમાઝીભી ગુનેહગાર હોગા ઓર ઉસ્કી નમાઝ મેં નુકસાન આએગા.

હઝરત અબ્દુલ્લાહ બિન મસઉદ રદી. સે નકલ કિયા ગયા હે કે નમાઝી કે સામને સે ગુઝરને સે નમાઝ આધી ખત્મ હો જાતી હૈ. (ઐની)

બલ્લિગુ અન્ની... હુઝુરે પાક સલ.નો ઇરશાદ છે કે 'મારી વાત પહોંચાડો' ભલે તે એક વાત હોય.

આ હદીસેપાક ઉપર અમલની નિય્યતથી દીનની વાત મોકા બ મોકા તથા સમયે-સમયે આધારભુત રીતે પહોંચાડવા માટે આ એક નમ્ર પ્રયાસ ઝિલહજ્જ, ૧૪૩૯ (૨૦૧૮)ના શરૂ કર્યો હતો. આ ગૃપમાં અઠવાડિયામાં સામાન્ય રીતે બે વાર મેસેજ દ્વારા દીનની વાતો પહોંચાડવામાં આવે છે.

અલ્લાહપાકના ફઝલો કરમથી ઝિલહજ્જ, ૧૪૪૧ના બે વર્ષ પુરા થયા.

તર્જુમો :- આ (હિદાયત મળવું) અલ્લાહની કૃપા છે, ચાહે તેને આપે છે. અલ્લાહપાક ઇસ્તિકામત સાથે જારી રાખે તથા આપણા સૌ માટે દીની-દુન્યવી દ્રષ્ટિએ ફાયદાકારક અને દુનિયા-આખિરત માટે કામિયાબીનો ઝરીઓ બનાવે. એવી દુઆ અને દુઆની નમ્ર ગુઝારિશ.

આ ગૃપમાં મેસેજ થઇ શકશે નહીં.

(૨૩૮) માહે મોહર્રમ

મોહર્રમનો મહિનો સન હિજરીનો પહેલો માસ છે. અત્યાર સુધી ૧૪૨૦/(૧૪૪૧)હીજરી હતી.હવે ૧૪૨૧/(૧૪૪૨) હિજરી શરૂ થઇ.એની શરૂઆત તો હુઝુરેપાક સલ.ના હિજરતની ઘટનાથી છે પરંતુ ઇસ્લામી હિજરી સનની શરૂઆત હિજરી સન ૧૭ હઝરત ઉમર રદી.ના શાસનકાળ દરમિયાન થઇ. જેની હકીકત એ છે કે હઝ.અબુ મુસા અશ્અરી રદી. યમનના ગવર્નર હતા. તેમણે હઝ. ઉમરને કહ્યું કે આપના ફરમાનો અમારી પાસે આવે છે,પરંતુ તેના ઉપર તારીખ અને હિજરી હોતી નથી.અગર એ હોય તો ઇન્તેઝામમાં સહુલત થાય. આથી હઝ.ઉમર રદી.એ સહાબએ કિરામને જમા ફરમાવ્યા અને મશ્વેરો કર્યા પછી હઝ. અલી રદી.ની રાય મુજબ નક્કી થયું,કે સને તારીખનો આધાર હિજરત પર રાખવામાં આવે.અને મક્કાથી મદીના હિજરત ૧૨ રબીઉલ અવ્વલના થઇ હતી. પરંતુ વર્ષની ઇબ્તિદાઅ મોહર્રમથી કરવામાં આવી કારણ કે, નબુવ્વતના તેરમા વર્ષે ઝિલહજજના બિલકુલ અંતમાં મદીનએ મુનવ્વરહ તરફ હિજરત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. (બુખારી શ.૫૬૦, ફત્હુલબારી,ઐની પે.૬૬ ભા.૧૭)

અઝ કિતાબ : હઝ.મુફ્તી ઇસ્માઇલ વાડીવાલા સા.(રહ.)

(૨૩૯) હિજરી સન વિષે

મુસલમાનોના ઇસ્લામી સન હિજરી પણ એક ખાસ- વિશિષ્ઠ હેસિયત ધરાવે છે. દુનિયાના ધર્મોમાં જેટલા પણ સન પ્રચલિત છે તે સામાન્ય રીતે કોઇ જાણીતા વ્યક્તિના જન્મદિવસની યાદ અપાવે છે અથવા કોઇ સામાજિક ખુશીના પ્રસંગ સાથે સંકળાયેલ હોય છે. જેમકે સને ઇસ્વીનો આરંભ હઝ.ઇસા અલ.ના જન્મદિવસથી છે. યહુદીઓ પોતાના સનનો આધાર પેલેસ્ટાઇન પર હઝ.સુલેમાન અલ.ના તખ્તનશીની (રાજ્યાભિષેક) ના પ્રસંગ સાથે સંકળાયેલ છે.રૂમી લોકો સિકંદર વિશ્વવિજેતાના જન્મને પોતાના સનનો આધાર રાખ્યો છે,પરંતુ ઇસ્લામી સન હિજરી એક એવા નબવી પ્રસંગ સાથે સંબંધ ધરાવે છે કે અગર મુસલમાન બધી બાજુએથી મુસીબતોમાં ઘેરાય જાય, વસ્તીના બધા લોકો દુશ્મન બની જાય, શહેરના આગેવાનો કતલ કરવા પાછળ પડી જાય અને જીવન જીવવું બધી રીતે મુશ્કેલ બની જાય, તો આવા મોકા પર એનો ઉકેલ ઇસ્લામે એ આપ્યો છે કે એવા ગામ કે શહેરથી હિજરત (સ્થળાંતર)કરી જાય.આથી આ જ હુઝુર સલ.ના હિજરતના બનાવ પર સન હિજરીનો આધાર રાખવામાં આવ્યો. હિજરતનો પ્રસંગ આ વાત શિખવાડે છે કે એક મઝલુમ અને મજબુર નિસહાય વ્યક્તિ પોતાના મિશનમાં કઇ રીતે કામિયાબ થઇ શકે છે તથા મુસીબતોથી નીકળી જઇ કેવી રીતે સફળતાનો સોનેરી તાજ પોતાના માથા પર મૂકી શકે છે.

(૨૪૦)
દસમી મોહર્રમની ફઝીલત

દસમી મોહર્રમના ઘણા જ સારા કાર્યો અને બનાવો બન્યા છે.એજ કારણે એ દિવસની ફઝીલત ઘણી છે. જેમકે (૧) હઝરત ઇબ્રાહીમ અલ.ને નમરૂદની આગથી એજ દિવસે છુટકારો મળ્યો હતો. (૨) હઝરત નુહ અલ.ની કશ્તી જુડી પહાડ ઉપર આજ દિવસે થોભી હતી જેથી કાફિરો ડુબી ગયા અને મુસલમાનોને સુરક્ષિત રાખવામાં આવ્યા (૩) હઝરત યૂનુસ અલ.ને માછલીના પેટમાંથી આ દિવસે નજાત મળી હતી. (૪) હઝ.આદમ અલ.ની તૌબા કબુલ થઇ હતી (૫) હઝ.યુસુફ અલ.ને કૂવામાંથી કાઢવામાં આવ્યા હતા (૬) હઝ.ઇસા અલ. આજ દિવસે પેદા થયા અને એજ દિવસે આસમાન ઉપર ઉઠાવી લેવામાં આવ્યા (૭) હઝ.ઇબ્રાહીમ અલ. પેદા થયા. (૮) હઝ.યાકુબ અલ.ને અંધ થઇ જવા પછી એજ દિવસે આંખોની રોશની પાછી આપવામાં આવી (૯) હઝ.સુલેમાન અલ.ને હુકુમત મળી. (૧૦) હઝ.ઐયુબ અલ.ને બિમારીથી તંદુરસ્તી મળી (૧૧) હઝ.ઇદ્રીસ અલ.ને આસમાન ઉપર ઉઠાવી લેવામાં આવ્યા (૧૨) આપ સલ.ની દરેક ખતાઓની માફીનું એલાન કરવામાં આવ્યું (અવજઝ ભાગ-૩ પેજ ૪૮, ઐની પેજ-૧૧૭/૧૮ ભાગ-૧૧)

(૨૪૧)મોહર્રમ(આશૂરહ)નારોઝહઃ

મોહર્રમ મહીનામાં કરબલાની ઘટનાને યાદ કરવાને બદલે તથા ગમ અને માતમ સમજવાને બદલે એ દિવસોમાં મસનૂન અમલ રોઝહ રાખવું છે.હદીસ શ.માં રમઝાન પછી નફલી રોઝહમાં મોહર્રમના રોઝાને સૌથી વધુ અફઝલ બતાવવામાં આવ્યા છે."અફઝલુ સ્સિયામી બઅદ રમઝાન શહરૂલ્લાહિલ મોહર્રમ" એટલે કે રમઝાન પછી સૌથી અફઝલ રોઝહ અલ્લાહના મહીના મોહર્રમના છે (મિશ્કાત શ.પેજ ૧૭૮) ખાસ કરી દસમી મોહર્રમના રોઝાની હદીસ શરીફમાં ઘણી ફઝીલત આવી છે કે આશુરહનો રોઝો અફઝલ બતાવવામાં આવ્યો છે. આપ સલ.નું ફરમાન છે અલ્લાહથી ઉમીદ છે કે આશુરાના રોઝાથી પાછલા એક વર્ષના ગુનાહ માફ થઇ જશે. (મુસ્લિમ:૩૬૭ ભા-૧)

આ દિવસના રોઝહની ઘણી ફઝીલત છે, આપ સલ.એ ફરમાવ્યું કે "હું અલ્લાહથી આશા રાખું છું કે દસમી મોહર્રમનો રોઝો ગયા વર્ષના ગુનાહોનો કફ્ફારો કરી આપશે"(તિરમિઝી) પરંતુ એક રોઝો રાખવામાં યહુદીઓ સાથે સરખામણી થાય છે માટે આપ સલ.એ એની સાથે બીજો રોઝો રાખવાનો ઇરાદો ફરમાવ્યો હતો.માટે બે રોઝહ રાખવું અફઝલ છે.**અઝકિતાબઃહઝ.મુફતી ઇસ્માઇલ વાડીવાલા સા.(રહ.)**

આશુરાહના દિવસે કરવાનો બીજો અમલ: નબીએ કરીમ સલ. એ ફરમાવ્યુ કે જેણે આશુરાહના દિવસે (પોતાની હેસીયત મુજબ)પોતાના ઘરવાળાઓ ઉપર ઉદારતા કરી અલ્લાહતઆલા આખુ વર્ષ તેના ઉપર વિશાળતા ફરમાવશે (રઝીન,બયહકી,દુર્રૈમન્સુર ૬/૩૪૫)

(૨૪૨) કુર્આનનો ખુલાસો (Abstract)

એક આલીમ બુઝુર્ગ મૌલાના અહમદઅલી રહ.ફરમાવે છે કે "હું રેલ્વે સ્ટેશન પહોંચ્યો હોઉં, ગાડી ઉપડવાની તૈયારી હોય,મારો એક કદમ ગાડીના પગથિયા પર અને બીજો કદમ પ્લેટફોર્મ પર હોય,ગાર્ડ સીટી વગાડે અને એવા સમયે એક વ્યકિત દોડતો દોડતો આવે અને પૂછે કે અહમદઅલી કુર્આન સમજાવીને જાઓ તો મારો બીજો કદમ પછી ઉપાડીશ,હું તે વ્યકિતને પુરૂં કુર્આન સમજાવીને જઇશ.કોઇકે કહ્યું કે ટ્રેનના પગથિયા પર આખું કુર્આન કેવી રીતે સમજાવશો? ફરમાવ્યું !

કુર્આનનો ખુલાસો (summary) ત્રણ વસ્તુ છે. (૧) રબને રાજી કરો ઇબાદત દ્વારા (૨) નબીએ કરીમ સલ.ને રાજી કરો તાબેદારી દ્વારા (૩) અલ્લાહની મખલુક (સર્જન) ને ખુશ કરો ખિદમત દ્વારા. ઈબાદત અલ્લાહની , ઇતાઅત નબી સલ.ની તથા ખિદમત મખ્લુકે ખુદાની ! આ છે આખા કુર્આનનો ખુલાસો (ઇતરત નાઝ)

(૨૪૩) પોતાના પ્રિય સંબંધીની મોત પર સબર

હઝ.અબુહુરૈરહ રદી.થી રિવાયત છે કે રસુલૂલ્લાહ સલ.એ ફરમાવ્યું "અલ્લાહતઆલા ફરમાવે છેકે જયારે હું કોઇ મોઅમીન બંદા પાસેથી તેના દુનિયાના કોઇ પ્રિય સંબંધીને લઇ લઉં છું અને તે તેના માટે જન્નત સિવાય મારા પાસે કોઇ બદલો નથી"

આ હદીસે કુદસીમાં અલ્લાહપાક ફરમાવે છે કે જયારે કોઇ વ્યકિત પોતાના નજીકના સંબંધીથી મહરૂમ થઇ જાય છે અને પોતાના કોઇ સગા-સંબંધી જેમકે અવલાદ,ભાઇ,બહેન,કાકા,માં-બાપ વગેરે ની વફાત પર સબર કરે છે તથા રડાકૂટ નથી કરતો તો જન્નત સિવાય તેના માટે કોઇ બદલો(અજર) નથી. ઉપરાંત રસુલુલ્લાહ સલ.એ ફરમાવ્યું કે "હકીકી સબર તે જ છે જે તાજા દુઃખ ના સમયે કરવામાં આવે, નહી તો સમય પસાર થવાની સાથે સબર થઇ જ જાય છે (બુખારી શરીફ)

સાભાર: મઆરિફે નોઅમાની.

(૨૪૪) બીમાર પુરસી (અયાદત) અને પાણી પીવડાવવું:

હઝ.અબુ હુરૈરહ રદી.થી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ.એ ફરમાવ્યું, અલ્લાહતઆલા કયામતના દિવસે ફરમાવશે: એ ઇબ્ને આદમ! હું બીમાર થયો તો તમે મારી અયાદત (ખબર) ના લીધી? તે કહેશે એ મારા રબ! હું કેવી રીતે આપની અયાદત કરી શકું, જયારે આપ તો પુરી દુનિયાના પરવરદિગાર છો. (અલ્લાહતઆલા ફરમાવશે) શું તમને ખબર નથી કે મારો ફલાણો બંદો બીમાર પડયો અને તમે તેની ખબર ન લીધી, શું તમને ખબર ન હતી કે જો તમે તેની ખબર લીધી હોત તો તમે મને તેની પાસે જોતે. (પછી અલ્લાહતઆલા ફરમાવશે) એ ઇબ્ને આદમ! મે તમારાથી પાણી માગ્યું તો તમે મને પાણી નથી પીવડાવ્યું, તે કેહશે એ મારા રબ! હું કંઇ રીતે આપને પાણી પીવડાવી શકું છું, જોકે તમે આખા જગતના પાલનહાર છો. (અલ્લાહતઆલા ફરમાવશે) તમારાથી મારા ફલાણા બંદાએ પાણી માંગ્યુ તો તમે એને પાણી ન પીવડાવ્યું જો તમે એને પાણી પીવડાવતે તો તમે એને (એનો બદલો) મારી પાસે પામતે. (મુસ્લિમ હ.૨૦૪૯)

(૨૪૫) ઝીદગી બે પ્રકારની છે...

(૧) તજવીઝ(suggestion)

મારૂ મકાન આવું હોવ જોઇએ,મારી ગાડી આવી હોવી જોઇએ,મારા કપડા આવા હોવા જોઇએ, મારૂ મકાન આવું હોવું જોઇએ,મારૂ સ્થાન અને ઇઝઝત આવી હોવી જોઇએ,હું જયાં જાઉ ત્યાં લોકો મારી વાત માને,હું જયાં જાઉ ત્યાં લોકો મારા માટે ઉભા થઇ જાય, “આ તજવીઝ છે” આવો માણસ પરેશાન રહે છે કારણકે તેની બધીજ ઇચ્છાઓ પુરી ન થાય એ સ્વભાવિક છે.

(૨) તફવીજ (Assignment)

ઇન્સાન પોતાની ઇચ્છાઓને અલ્લાહતઆલા ને હવાલે કરીઆપે દુનિયા દારૂલ અસ્બાબ છે જાઇઝ હેતુ પુરા કરવામાટે જાઇઝ માર્ગો અપનાવે અને પ્રયતનો કરવા પછી જો સફળતા પ્રાપત થાય તો પણ અલ્લાહની મરજી સમજે- શુક્ર અદા કરે દુ:ખી ન થાય બલ્કે મારો અલ્લાહતઆલા જે હાલતમાં રાખે તે હાલત પર હું રાજી છું.આ “તફવીઝ” છે.

અલ્લાહતઆલા આપણને બધાને તફવીઝની ઝીન્દગી અતા કરે....(આમીન)

અઝ ઇફાદાત: હઝ.મોલાના અશ્રફ અલી થાનવી રહ.

(૨૪૬) મકાતિબની અહમિયત

મકાતિબની સ્થાપનાનો મકસદ મુસ્લિમ બાળકોને લેખન, વાંચન, પઠન-પાઠન અને હિફ્ઝે કુર્આનની તાલીમ આપવાનો રહેતો હતોઃ ખુદ હુઝુરે અકરમ(ﷺ) એ બાળકો અને નવયુવાનોની તાલીમનો વિશેષ એહતિમામ (પ્રબંધ) અને ઇન્તિઝામ ફરમાવ્યો હતો, જેમકે આપ (ﷺ) એ બદ્રના મુશ્રિક કેદીઓની મુકિત દસ મુસ્લિમ બાળકોને લખવાનું શિખવાડવા પર મવકૂફ (નિર્ભર) રાખી હતી.

આજના નવહિલો જ ભવિષ્યના મહાપુરુષો અને ક્રાંતિકારી નાગરિકો છે. આ કારણે એમનું વૈચારિક, માનસિક અને નૈતિક લાલન-પાલન-પોષણ અને વિકાસ ઇસ્લામી રેખાઓ પર અને ઇસ્લામ ચિંધ્યા માર્ગે થવાં જરૂરી છે. એમના માટે એવો માહોલ પૂરો પાડવો અનિવાર્ય છે, જેમાં ખાલિસ ઇસ્લામી તહઝીબ (સંસ્કૃતિ)નો પ્રભાવ હોય તથા ઇમાનઘાતક અસરોથી તદ્દન પવિત્ર હોય. આ મકતબની તાલીમની આવશ્યકતા, અને મહત્તાને નઝર સમક્ષ રાખતા લોકો માટે જરૂરી છે કે : મુસ્લિમ જનસમુદાયની અવલાદને દીનીતાલીમ - મૂલ્યોથી સુસજ્જ કરવા માટે મુઅલ્લિમ (ઉસ્તાઝ) જે ઉજ્રત (વળતર) લઇને પઢાવે, નહિંતર લોકો જાહિલ અને નિરક્ષર રહી જશે. (તરબિયતુલ્ અવલાદ ફિલ ઇસ્લામઃ ૧/૨૯૧)

(સાભાર : દા.ઉ.માસિક - કંથારીઆ - ઓગષ્ટ : ૨૦૨૦)

(૨૪૭) રસુલુલ્લાહ (ﷺ) ની વસિય્યતો.

(૧) જે માણસ એવુ ચાહતો હોય કે તેનું રિઝક (રોઝી) વિશાળ કરવામા આવે અને તેની ઉમર લાંબી થાય, તો તેણે સિલા-રહમી કરવી જોઇએ. (અર્થાતઃ રિશ્તેદસારો સાથે સારો વર્તાવ કરવો જોઇએ)

(૨) જે માણસ અલ્લાહ અને આખિરત પર ઇમાન ધરાવતો હોય તો તેણે પોતાના પડોશીને તકલીફ આપવી જોઇએ નહી

(3) અલ્લહને ત્યાં સારા લોકો તે છે જે પોતાના સાથીઓની સાથે સારા છે.અને અલ્લહને ત્યો બેહતરીન પડોશીઓ તે છે જે પોતાના પડોશીઓ સાથે સારા છે.

(૪) અલ્લહ તે માણસ પર રહમ કરતો નથી જે લોકો પર રહમ કરતો નથી.

(૫) રહમ કરનારાઓ પર રહમાન (અલ્લહ) રહમ ફરમાવે છે તમે જમીનવાળાઓ પર રહમ કરો તો આસમાનવાળો તમારા પર રહમ ફરમાવશે.

(૬) જે વ્યકિતએ પણ અલ્લહ માટે તવાજુ (નમ્રતા) અપનાવી તો અલ્લહતઆલાએ તેને બુલંદ કરી દીધો.

(૧૦૦૦, સુનેહરી વસિય્યતે : ૨૮)

(૨૪૮) અલ્લાહ અને રસૂલ સલ.ની મોહબ્બતની નિશાની:

નબીએ કરીમ સલ.એ એકવાર વુઝૂ કર્યુ. તો આપના સહાબા (રદી.) આપના વુઝુનું પાણી લઇને પોતાના ઉપર લગાડવા લાગ્યા. નબીએ કરીમ સલ.એ પૂછ્યુ કે તમે આવું કેમ કરી રહયા છો? તો સહાબએ કિરામે જવાબ આપ્યો કે અલ્લાહ અને એના રસૂલ સલ.ની મોહબ્બતને કારણે. નબીએ કરીમ સલ.એ ફરમાવ્યું "જે આ વાતને પસંદ કરતો હોય કે અલ્લાહ અને રસુલ (સલ.) તેનાથી મોહબ્બત કરે તો તેના માટે જરૂરી છે કે **જયારે વાત કરે તો સાચું બોલે, જયારે તેની પાસે અમાનત મુકવામાં આવે તો તેને પરત સોંપી દે, તથા પોતાના પડોશીઓ સાથે સારો વર્તાવ કરે.** (મિશ્કાત શ.)

(૨૪૯) ફકત તેજ અમલ કાબિલે કબુલ છે જે ફકત અલ્લાહ માટે જ હોય:

રસૂલુલ્લાહ સલ.થી રિવાયત છે કે માણસના દરેક કાર્યનો આધાર ફકત નિય્યતો પર જ છે. માણસને તેની નિય્યત મુજબ જ ફળ મળે છે. તો જે માણસે અલ્લાહ અને તેના રસુલ સલ.માટે હિજરત કરી તો તે આ હિજરત અસલમાં અલ્લાહ અને રસૂલ તરફ જ લેખાશે. જે કોઇ દુનિયાના કારણે અથવા કોઇ સ્ત્રી સાથે નિકાહ કરવા માટે મુહાજિર બન્યો તો (તેની હિજરત) ખરેખર બીજા મકસદ અને નિય્યતથી હિજરત કરી છે. તો તેના તરફ જ તેની હિજરત માનવામાં આવશે.(બુખારી-મુસ્લિમ)

હદીષનો ખરો મકસદ એ છે કે દરેક અમલના ઠીક અને ખરાબ, કુબૂલ તેમજ રદ હોવાનો આધાર નિય્યત પર છે. એટલે નેક અમલ તેજ ગણાશે અને અલ્લાહને ત્યાં તેની જ કીમત થશે જે નેક નિય્યતથી કરવામાં આવ્યો હશે. અને જે નેક અમલ કોઇ ખરાબ નિય્યતથી અને અન્ય મતલબથી કરવામાં આવ્યો હશે તે નેક અને કબૂલિયતના લાયક નહી ગણાય. ભલે દેખાવમાં નેક કામ જણાતુ હોય.

ખુલાસો એ છે કે અલ્લાહતઆલા અમલની સાથે નિય્યત અને ઝાહેરની સાથે બાતિન પણ જોનાર છે. તેના ત્યાં દરેક અમલ (કાર્ય)ની કીમત નિય્યત પ્રમાણે લગાડવામાં આવશે.

(૨૫૦) જો હું આવું કરતે તો... આવું થઇ જાતે :

રસુલુલ્લાહ સલ.એ ફરમાવ્યું છે કે અગર તમને કોઇ નુકસાન પહોંચે તો એમ ન કહો કે “જો હું આમ કરતે તો આવું થઇ જાતે” બલ્કે એમ કહો કે અલ્લાહતઆલાની તકદીર આમજ હતી,અને તેની જે મરજી હતી તે થયું,, કારણકે “જો-અગર” (નો શબ્દ) શેતાનના કામનો દરવાજો ખોલી આપે છે. (મુસ્લીમ શ.મુન્તખબ અહાદીસ)

“if I would have done that That wuld have happened…”

Rasulullah Salallahu Ayahi wasallam ﷺ Narrated” Don’t feel helpless if anything befalls you,don’t day, “if only I had done such and such”

Rather say Allah has decreed and whatever he wills,he does /did”

for saying “if “ opens the door to deeds of Satan (devil) .{muslim sharif}